Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Prof. R.T. Savalia

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ-સંચાલિત


વર્ષ ૩૩ મું
અંક ૩ જો
સં. ૨૦૫૦
કાર્તિક
સન ૧૯૯૩
ડિસેમ્બર

# પથિક

તંત્રી-મંડળ :
ડૉ. કે. કા. શાસ્ત્રી
ડૉ. ના. કે. ભટ્ટી
ડૉ. સૌ. ભારતીબહેન શેલત

[ઇતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક]
આદ્ય તંત્રી: સ્વ. માનસંગજી બારડ

## દીપોત્સવાંક-પૂર્તિ



એક ઐતિહાસિક ગોખ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ટાઇટલ પાના ૨ નું ચાલુ]

અતિથિવિશેષ ડૉ. રમણલાલ ના. મહેતાએ 'સ્મરણિકા'નું વિમોચન કરતાં જણાવ્યું કે 'ઇતિહાસના સંશોધનમાં મૌખિક લિખિત અને પુરાતત્ત્વીય સાધનોનો ઉપયોગ થાય છે ઇતિહાસ સમાજને સ્થિર રાખે છે. જેને આગળ વધવું છે તેને માટે ઇતિહાસનું જ્ઞાન જરૂરી છે. આ સ્મરણિકામાં જૂનાગઢના ઇતિહાસને લગતા વિવિધ લેખોનો સમાવેશ થયો હતો. ઘણાં વર્ષો પછી આ જ્ઞાનસત્ર પ્રસંગે ખાસ સ્મરણિકા પ્રસિદ્ધ થઈ હતી, એ માટે આયોજકોને ધન્યવાદ આપવા જોઈએ.

સૌરાષ્ટ્ર–કચ્છ ઇતિહાસ પરિષદના સ્થાપક અને એના પ્રથમ પ્રમુખ શ્રી શંભુપ્રસાદ હ. દેસાઇએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે ભારતના ઇતિહાસમાં જૂનાગઢે નોંધપાત્ર ફાળો આપ્યો છે. છેલ્લે છેલ્લે ૧૯૪૭–૪૮ માં પણ એણે ઇતિહાસ સર્જ્યો હતો. એમણે જૂનાગઢના ઇતિહાસની કેટલીક મહત્ત્વની બાબતોની ચર્ચા કરી. સૌરાષ્ટ્ર–કચ્છ ઇતિહાસ પરિષદના પ્રમુખ ડૉ. એસ. વી. જાનીએ 'સૌરાષ્ટ્રના ઇતિહાસનાં સંશોધનક્ષેત્રો' શીર્ષકવાળા એમના મુદ્રિત પ્રવચનમાં જણાવ્યું કે 'આર્થિક ક્ષેત્રે જૂનાગઢ એ સૌરાષ્ટ્રનું મહત્ત્વનું ગિર જંગલ ધરાવે છે. સૌરાષ્ટ્રનું એ સૌથી સમૃદ્ધ રાજ્ય હતું. વહાણવટું મત્સ્ય તથા મીઠાના ઉદ્યોગ અહીં ખાસ વિકસ્યા હતા. ડૉ. ભગવાનલાલ ઇંદ્રજી તથા વલ્લભજી હરિદત્ત આચાર્ય જેવા ભારતપ્રસિદ્ધ વિદ્વાનો જૂનાગઢના જ વતની હતા. વિલ દુરાંએ કહ્યું હતું કે જે નાગરિક પોતાના દેશનો ઇતિહાસ જાણતો નથી તેને શિક્ષિત કહી શકાય નહિ. દર્શકે પણ નોંધ્યું છે કે ઇતિહાસની સહાય વગર લોકશાહીમાં કોઈ પણ માણસ સાચો નાગરિક બની શકે નહિ.' અંતમાં, બહાઉદ્દીન કૉલેજના પ્રો. ડૉ. જે. પી. સોઢાએ આભારવિધિ કર્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કિશોરસિંહ જાડેજાએ કર્યું હતું.

તા. ૬ ઠ્ઠીએ બપોરે તથા રાત્રે અને ૭ મીએ સવારે એમ ત્રણ બેઠકો નિબંધવાચન માટે ટાઉનહૉલ પાસે આવેલ, ઉતારાના સ્થાન, મોઢવણિક વિદ્યાભવનમાં મળી હતી. આ બેઠકમાં વિદ્વાનોએ નિબંધોનું વાચન કર્યું હતું :

(૧) ડૉ. વાઇ. એમ. ચિતલવાલા—'સૌરાષ્ટ્રમાં ચાલી રહેલાં પુરાતત્ત્વીય સંશોધનની રૂપરેખા', (૨) ડૉ. આર. એન. મહેતા—'પુરાતત્ત્વીય સંશોધનનું મહત્ત્વ', (૩) ડૉ. મુગટલાલ પો. બાવીસી—'સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોના અભ્યાસ માટેનાં સાધનો', (૪) ડૉ. પી. જી. કોરાટ—'રાષ્ટ્રિય ફલક પર ભાવનગર રાજ્ય—ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં એક અધ્યયન', (૫) ડૉ. મકરન્દ મહેતા—કચ્છના શાહ સોદાગર સુંદરજી લવજી,' (૬) ડૉ. શિરીન મહેતા—'જૈન સાહિત્યમાં અકબર', (૭) ડૉ. એ. એમ. કિકાણી—'ઉપરકોટમાં સંશોધનની શક્યતા અને આવશ્યકતા,' (૮) ડૉ. જયસુખલાલ પી. સોઢા—'નવાબ મહાબતખાનના સમયમાં જૂનાગઢની કેળવણી', (૯) પ્રો. કલ્પનાબહેન માણેક—સૌરાષ્ટ્રમાં સુધારાચળવળના પ્રણેતા મણિશંકર કિકાણી', (૧૦) પ્રો. સત્યવ્રત જોશી—'કવિશ્રી નથુરામ સુંદરજી શુકલ,' (૧૧) પ્રો. એમ. જે. પરમાર—'રાણપુર વિસ્તારના મોલેસલામ મુસ્લિમોના રીતરિવાજો,' (૧૨) પ્રો. અશોક મહેતા—'ભાવનગર રાજ્ય અને જોગીદાસ ખુમાણનું બહારવટું', (૧૩) પ્રો. આર. એલ. ભાવસાર—સોલંકીકાલીન દ્વારશાખનો ઉત્તરાંગ ભાગ', (૧૪) પ્રો. અશ્વિન આર. પૂંજાણી—'સૌરાષ્ટ્રમાં મુસ્લિમ સત્તાની સ્થાપના,' (૧૫) પ્રો. જે. ડી. કણઝારિયા—'સૌરાષ્ટ્રના અગ્રણી સ્વાતંત્ર્યસેનાની શિવાનંદજી', (૧૬) પ્રો. અનસૂયાબહેન સોરઠિયા—સૌરાષ્ટ્રમાં પ્રાથમિક શિક્ષણનો પ્રારંભ,' (૧૭) દલપતભાઈ રાઠોડ—'સૌરાષ્ટ્રના વાળા રાજપૂતો,' (૧૮) પ્રભાતસિંહ બારડ—'સરસ્વતી નદીનો લુપ્ત પ્રવાહ,' (૧૯) દુષ્યંત શુકલ—'જૂનાગઢ, ઇતિહાસ અને પુરાતત્ત્વની દૃષ્ટિએ,' (૨૦) નલિનભાઈ જોશી—'દેશી રાજ્યોના આંતરિક સંબંધો,' (૨૧) ગિરાબહેન ધોળકિયા—'મહિલા કાર્યકર

[ટાઇટલ પાના ૪ ઉપર ચાલુ]

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સૌરાષ્ટ્ર–કચ્છ ઇતિહાસ પરિષદનું નવમું જ્ઞાનસત્ર

ડૉ. મુગટલાલ બાવીસી

સૌરાષ્ટ્ર–કચ્છ ઇતિહાસ પરિષદના નવમા જ્ઞાનસત્ર પ્રસંગે જૂનાગઢ મુકામે ઉપરકોટ વિકાસ સમિતિના આશ્રયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઇતિહાસ-ભવનના વડા ડૉ. એસ. વી. જાનીના પ્રમુખપદે તા. ૬ ઠ્ઠી નવેમ્બર ને શનિવારે શામળદાસ ગાંધી ટાઉનહોલમાં સવારે ૯–૩૦ વાગ્યે ઉદ્‌ઘાટન-બેઠકનો આરંભ થયો. ઉદ્‌ઘાટક તરીકે યુનિવર્સિટીના કુલપતિ શ્રી જયેશભાઈ દેસાઈ, અતિથિવિશેષ તરીકે જાણીતા પુરાતત્ત્વવિદ ડૉ. આર. એન. મહેતા તથા સ્વાગત સમિતિના પ્રમુખ તરીકે જૂનાગઢ જિલ્લાના કલેક્ટર શ્રી ગુરુપ્રસાદ મહાપાત્ર હતા. શરૂઆતમાં મંજરીબહેન ધોળકિયાની પ્રાર્થના પછી મહેમાનોનું પુષ્પગુચ્છથી સંમાન કરવામાં આવ્યું. જૂનાગઢના મ્યુઝિયમના ક્યુરેટર તથા ઉપરકોટ વિકાસ સમિતિના સભ્ય સચિવ શ્રી રાજરત્ન ગોસ્વામીએ યજમાન સંસ્થાનો પરિચય આપ્યો હતો. સૌરાષ્ટ્ર–કચ્છ ઇતિહાસ પરિષદના મંત્રી ડૉ. અનિલ એમ. કિકાણીએ પરિષદની પ્રવૃત્તિઓ તથા પ્રગતિનો વિસ્તૃત ખ્યાલ આપ્યો. જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજના કાર્યકારી આચાર્ય શ્રી યોગેંદ્ર પુ. દેસાઈએ મહેમાનોનો પરિચય આપ્યો. સૌ. ક. ઇતિહાસ પરિષદના બીજા મંત્રી ડૉ. મુગટલાલ પી. બાવીસીએ આ પ્રસંગે આવેલા શુભેચ્છા–સંદેશાઓનું વાચન કર્યું, જેમાં ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ શ્રી ગાયત્રીપ્રસાદ જી. ભટ્ટ, ગુજરાત કૃષિ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ગોવિંદભાઈ શેખડા, જાણીતા વિદ્વાનો ડૉ. ઝિયાઉદ્દીન દેસાઈ, પુષ્કરભાઈ ગોકાણી, સૌરાષ્ટ્ર યુનિ.ના કુલસચિવ શ્રી જે. એમ. ઉદાણી, ડૉ. જિતેંદ્ર કા. દવે, ભારતીબહેન શંભુભાઈ દેસાઈ, ડૉ. એમ. જે. પંડ્યા, પ્રાણગિરિ ગોસ્વામી, નૌતમભાઈ દવે વગેરેના સંદેશાઓનો સમાવેશ થતો હતો.

દીપ પ્રગટાવી જ્ઞાનસત્રનું ઉદ્‌ઘાટન કુલપતિ શ્રી જયેશભાઈ દેસાઇએ કરતાં જણાવ્યું કે 'જૂનાગઢ જિલ્લો પુરાતત્ત્વના અવશેષોથી ભરેલો છે. પ્રાદેશિક ઇતિહાસને પણ યુનિ.ના અભ્યાસક્રમમાં સામેલ કરવો જોઇએ. ઇતિહાસના વિદ્યાર્થીઓને સંસ્કૃત ફારસી અને પાલી–પ્રાકૃત ભાષાઓનું પણ અધ્યયન કરાવવું જોઇએ, જેથી એઓ એ ભાષાઓના અભિલેખો અને ગ્રંથોનો અભ્યાસ કરી શકે. વધુમાં ઇતિહાસનાં પુસ્તકો પ્રજા સમક્ષ પહોંચાડવાની પણ ચીવટ રાખવી જોઇએ. પૂર્વ-પશ્ચિમની સંસ્કૃતિઓ જુદી છે એમ ન કહેતાં માનવસંસ્કૃતિ એક માત્ર છે એવા અભિગમથી આપણે આગળ વધવું જોઇએ. સૌરાષ્ટ્રમાં સુલભ ખનીજોના વિકાસ માટે પણ એક અલગ સંસ્થાની સ્થાપના કરવી જોઇએ.' વગેરે.

સ્વાગતપ્રમુખ અને જૂનાગઢ જિલ્લાના કલેક્ટર શ્રી ગુરુપ્રસાદ મહાપાત્રે આ જ્ઞાનસત્ર જૂનાગઢમાં યોજાય છે એ માટે આનંદ વ્યક્ત કર્યો અને જણાવ્યું કે 'ઇતિહાસવિષયક સંશોધનને વધારે મહત્ત્વ મળવું જોઇએ. જૂનાગઢ જિલ્લાના અવશેષો વિશે પણ વધારે સંશોધન થવું જરૂરી છે.

આ પછી ડૉ. મકરંદ મહેતાનું યુનિ. ગ્રાન્ટ કમિશન તરફથી 'પ્રોફેસર એમેરેટસ'નું માન મળવા માટે, ડૉ. જે. પી. સોઢા અને શ્રી શૈલેશ ઘોડાનું જ્ઞાનસત્ર પ્રસંગે સંપાદિત કરેલી 'સ્મરણિકા'ના સંપાદન માટે અને ડૉ. એ. એમ. કિકાણી 'જૂનાગઢના ઇતિહાસ પર મહાનિબંધ લખતાં સૌ યુનિ. તરફથી પીએચ.ડી.ની ડિગ્રી મળવા માટે બહુમાન કરવામાં આવ્યું.

[ટાઇટલ પાના ૩ ઉપર ચાલુ]

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

આદ્ય તંત્રી સ્વ. માનસંગજી બારડ
તંત્રી-મંડળ ( ) વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૩૦/-
ડૉ. કે. કા. શાસ્ત્રી ( ) વિદેશમાં રૂ. ૧૧૧/-, છૂટક રૂ. ૪/-
૨. ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ૩. ડૉ. ભારતીબહેન શેલત

વર્ષ ૩૩] કાર્તિક, સં. ૨૦૫૦ : ડિસેમ્બર, સન ૧૯૯૩ [અંક ૩

'પથિક' પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫ મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લિખિત ફરિયાદ કરવી અને એની નકલ અમને મોકલવી.

◦ 'પથિક' સર્વોપયોગી વિચાર-ભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ મૌલિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

◦ પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.

◦ કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

**• કૃતિમાંના વિચારોની જવાબદારી લેખની રહેશે.**

◦ 'પથિક'માં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો-અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમઝવું.

◦ અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.

◦ નમૂનાના અંકની નકલ માટે ૪-૫૦ ની ટિકિટો મોકલવી.

**મ.ઓ. ડ્રાફ્ટ પત્રો લેખો પથિક કાર્યાલય,** મધુવન, **એલિસબ્રિજ, અમ.-૩૮૦૦૦૬** એ સ્થળે મોકલો.

## અનુક્રમ

| | | |
|---|---|---|
| સૌ. ક. ઇતિ. પરિષદનું ૯ મું જ્ઞાનસત્ર | ડૉ. મુગટલાલ બાવીસી | મુખપૃષ્ઠ ૨ |
| કચ્છ ઇતિહાસ પરિષદનું દ્વિતીય અધિવેશન | શ્રી. પ્રમોદ જેઠી | ૨ |
| "મઘમઘતાં ફૂલડાં" (લઘુવાર્તા) | શ્રી. ચંદ્રકાંત ન. ભટ્ટ | ૫ |
| ક્રાંતિ ( „ ) | શ્રી. નવનીત વ્યાસ | ૧૨ |
| શ્યામજી વર્માનું વસિયતનામું | શ્રી. ધનજી ભાનુશાલી | ૧૯ |
| કૌટિલ્યકાલીન શાસનવ્યવસ્થા | ડૉ. કાંતિલાલ દવે | ૨૨ |
| ભાવનગર રાજ્યમાં સામાજિક ક્ષેત્રે પરિવર્તન | ડૉ. પી. જી. કોરાટ | ૨૭ |
| કચ્છનું પ્રાચીન કોટચર્ક-મંદિર | શ્રી. ઠાકરસી પુ. કંસારા | ૩૨ |

## વિનંતિ

વાર્ષિક ગ્રાહકોએ પોતાનું કે પોતાની સંસ્થા કૉલેજ યા શાળાનું લવાજમ રૂ. ૩૦/- હજી ન મોકલ્યું હોય તો સત્વર મ.ઓ.થી મોકલી આપવા હાર્દિક વિનંતિ. **સરનામામાં ગોળ વર્તુલમાં પહેલો અંક ક્યા માસથી ગ્રાહક થયાનું કહે છે. એ માસ પહેલાં લવાજમ મળવું અભીષ્ટ** છે. અગાઉનાં લવાજમ એક કે એકથી વધુ વર્ષોનાં બાકી છે તેઓ પણ સવેળા મોકલી આપવા કૃપા કરે. અંક હાથમાં આવે એ ગાળામાં લવાજમ મોકલી આપનારે આવા વર્તુલને ધ્યાનમાં ન લેવા વિનંતિ.

'પથિક'ના આશ્રયદાતા રૂ. ૧૦૦૧/- થી અને આજીવન સહાયક રૂ ૩૦૧/- થી થવાય છે. ભેટ તરીકે પણ રકમો સ્વીકારવામાં આવે છે. સ્વ. શ્રી. માનસંગજીભાઈના અને 'પથિક'ના ચાહકોને 'પથિક કાર્યાલય'ના નામના મ.ઓ. કે ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતિ. આ છેલ્લી બે પ્રકારની તેમ રૂ. ૫૦ થી લઈ વધુ આવતી ભેટની રકમ અનામત જ રહે છે અને એનું માત્ર વ્યાજ જ વપરાય છે.

**લવાજમ પૂરું થાય ત્યારે તરત મોકલવા વિનંતિ.**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કચ્છ ઇતિહાસ પરિષદનું દ્વિતીય અધિવેશન

શ્રી. પ્રમોદ જેઠી

કચ્છ ઇતિહાસ પરિષદનું દ્વિતીય અધિવેશન – કોઠારા તા. ૬/૭ નવેમ્બર, '૯૩ના રોજ વ. ક. નાથા છાત્રાલયમાં યોજવામાં આવેલું હતું.

પ્રથમ દિવસે સભાની શરૂઆત પ્રાર્થનાથી થઈ. ત્યારબાદ અબડાસા તાલુકાના આગેવાન તથા માજી અધ્યક્ષ જિલ્લાપંચાયત કચ્છના શ્રી જેઠમલ મડૈયારે પરિષદના સભ્યોને આવકાર્યા અને કોઠારા મધ્યે અધિવેશન યોજવા બદલ હર્ષની લાગણી જાહેર કરી તથા અબડાસા તાલુકાનો ટૂંકમાં પરિચય આપેલો.

આજના આ સમારંભના અતિથિવિશેષ શ્રી. કુંદનભાઈ ધોળકિયા–ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ અધ્યક્ષે દીપ પ્રગટાવી સભાની શરૂઆત કરતાં જણાવ્યું કે ઇતિહાસ એ દંતકથા–કલ્પનાકથા નથી. ઇતિહાસમાં ઇમાનદારી હોવી જોઈએ. વર્તમાન ઇતિહાસની નોંધ થવી જોઈએ. ઇતિહાસની પ્રવૃત્તિ પ્રત્યે થતી ટીકા પ્રત્યે ધ્યાન નહિ આપતાં પોતાના કાર્યમાં હિંમતથી આગળ વધવું જોઈએ. એમણે પરિષદની કાર્યવાહીને બિરદાવી પરિષદને સંશોધન કરવા માટે પ્રેરણા આપી હતી.

બાદમાં કાનજીભાઈ ધોળુએ હર્ષની લાગણી વ્યક્ત કરી પરિષદની શુભેચ્છા ઇચ્છી હતી. શ્રી મોહનભાઈ શાહ, વાઘુભા જાડેજા, મધુભાઈ ભટ્ટ અને પોરબંદર પુરાતત્વ સંશોધન મંડળ તરફથી આવેલ શુભેચ્છા–સંદેશનું વાચન શ્રી નેણસી જાડિયાએ કરેલું હતું.

પોરબંદરના શ્રી મોહનપુરીએ જણાવ્યું કે કચ્છ અને સૌરાષ્ટ્ર અલગ નથી. ભૌતિકતાને લઈને પ્રદેશ અલગ હોતાં પરિષદની અલગ અલગ સ્થાપના કરવામાં આવેલ છે. કચ્છની ૫૦ ટકા વસ્તી સૌરાષ્ટ્રમાં છે અને સૌરાષ્ટ્રની વસ્તી કચ્છમાં છે. કચ્છમાં આવેલાં ગામોનાં નામો પરથી પડેલ અટકોના લોકો, જેવા કે પ્રાંચડિયા બેલા આયર વગેરે ઓખા મંડળમાં જોવા મળે છે.

પરિષદના ઉપપ્રમુખ શ્રી પ્રાણગિરિ ગૈસ્વામીએ બહારથી આવેલા મહેમાનો પ્રત્યે અહોભાવ વ્યક્ત કરી હર્ષની લાગણી અનુભવી હતી, આવેલ ભાઈઓનું સ્વાગત કરી પરિષદની કાર્યવાહીથી વાકેફ કર્યા હતા.

બપોરના ૩ વાગ્યે બીજા સત્રમાં પરિષદ તરફથી યોજવામાં આવેલ નિબંધસ્પર્ધાનું વાચન કરવામાં આવેલ હતું. ત્રણ વિષયો પર આવેલ પ્રથમ દ્વિતીય વિજેતાઓએ પોતાના નિબંધનું વાચન કરેલ હતું. શ્રી ઉમિયાશંકર અંજાણી તરફથી નિબંધ લખવા વિશે જરૂરી બાબતો વિશે જાણકારી આપી હતી. સાંજના ૫ વાગ્યે કોઠારામાં આવેલ શાંતિનાથ મંદિર, પઠાપીરનું સ્થાન, આશાપુરાનું મંદિર, કોઠારાનાં મકાનોની બાંધણી, બજાર વગેરેનું નિરીક્ષણ કરેલ, જેમાં કોઠારાની છડ બજારમાં આવેલ તામ્રપત્રે ખાસ ધ્યાન ખેંચ્યું હતું. કચ્છમાં આવાં બે જ તામ્રપત્ર જાહેર બજારમાં લાગેલ જોવા મળે છે : એક ભૂજની ચાવડી પર મહારાવશ્રી લખપતજીએ જાહેર પ્રજા માટે તામ્રપત્ર લગાડેલ છે. બીજું પોલિટિકલ એજન્ટ જી. આર ગુડફેલો તરફથી સૈયદ કુટુંબના લોકો માટે મળેલ તામ્રપત્ર જોવા મળેલ છે, જેની પરિષદના ચોપડે અક્ષરેઅક્ષર નોંધ કરવામાં આવી તથા આ તામ્રપત્રની વધુ સારી રીતે જાળવણી થાય એ માટે ગ્રામલોકોને સમજણ આપી હતી.

અધિવેશનના બીજા દિવસે સવારના ૭ વાગ્યે કોઠારાથી ૪ કિ.મી. દૂર આવેલ બેદી ગામના પઠા-પીરના સ્થાનની મુલાકાત લીધી હતી, જે જગ્યા પર દાખલ થતાં "જી જીએ પઠાપીર શ્રી જીએ પઠા-સુલતાન" લખેલ છે. અંદરના ભાગમાં ત્રણ દરગાહ જોવા મળે છે. ૧. સુમરાજી, ૨. સાહેબજી અને ૩.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પઠાપીરજી. કૂબાનું બાંધકામ મુસ્લિમ શૈલીનું જણાય છે. અંદરની દીવાલ પર ફરતે ૧૨ ચિત્રો લગાવેલ છે, ચિત્રકામ જેમાં ગોપીચંદનાથના જીવનપ્રસંગને આવરી લીધેલ છે. આ જોતાં એ લગભગ ૭૦ થી ૮૦ વર્ષ જૂનું જણાય છે. દીવાલની ઉપરની બાજુએ પડદા લગાવેલ હોય એવું ચિત્રકામ કરેલ છે, જે નવું લાગે છે. આ જગ્યામાં સુધારા વધારા માટે શ્રી નાનજી જાદવજી સ્વારનો મોટો હિસ્સો રહ્યો છે. પૂજા ધલ કુટુંબના લોકો કરે છે. અખાત્રીજના દિવસે અહીં મોટો મેળો ભરાય છે. આ જગ્યાને લગતો એક પાપાણુપટ્ટ મળેલ છે, જેના વિશે નોંધ પરિષદના સભ્યોએ કરી હતી.

૯-૩૦ વાગ્યે શ્રી માધવ જોશીએ લખપત તાલુકાનાં ઐતિહાસિક સ્થળો વિશેની માહિતી, શ્રી છગનભાઈ મહેતાએ કચ્છના ઢબુ, શ્રી સંજય ઠાકરે મુંદ્રા વિસ્તારનાં ઐતિહાસિક સ્થળો. શ્રી ઉમિયાશંકર અજાણીએ ગોપીચંદનાથ વિશે, ભક્ત કડવાજી કવિ શ્રી શબ્દે ગઈ કાલ અને આજ વિશે કચ્છીમાં કાવ્યો સંભળાવેલ હતાં.

અધિવેશનમાં આવેલ નિબંધોમાં કુ. ચેતના ગોર, શ્રી કરુઆ લાલજી લખુભાઈ અને શ્રી પ્રવીણ ગોસ્વામીને રૌપ્યચંદ્રક આપવામાં આવેલ હતા.

બપોર બાદ કોઠારા દરબારગઢની મુલાકાત લીધેલ. કોઠારાના ઠાકોર ધીરજસંગજી ભારમલજી જાડેજાએ કોઠારા વિશેની તથા દરબારગઢમાં આવેલ સ્થળો મોમાયમાતાનું મદિર તથા કોઠારાના શિલાલેખ વિશે સારી એવી માહિતી આપેલ હતી. બાદમાં કોઠારાથી ૩ કિ. દૂર આવેલ વરાડિયા ગામમાં શ્રી કુલીનકાંતે મોમાયાની મુલાકાત લઈ વરાડિયા ગામ વિશે તથા ત્યાં આવેલ પાળિયાઓની નોંધ કરી હતી.

અંતમાં, આ કાર્યક્રમ માટે નિમંત્રણ આપનાર અગ્રણી શેઠશ્રી જેઠમલ મઉયાર તથા વં. ક. નાથા છાત્રાલયના ગૃહપતિ શ્રી રાજેન્દ્રસિંહજી જાડેજા અને અન્ય સ્ટાફનો આભાર પરિષદ વતી શ્રીમતી મંગલાબહેન જેઠીએ માનેલ હતો.

આ સમારંભમાં પોરબંદરથી શ્રી મણિભાઈ વોરાએ ખાસ હાજરી આપી હતી.

ઠે. ટેમા ફળિયું, ભીડનાકા પાસે, ભૂજ-૩૭૦૦૦૧

□



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[ અનુસંધાન પાન ૩૨ નું ચાલુ ]
મંદિર જુદું હોઈ શકે અને સૂર્યમંદિર તદ્દન નષ્ટ પણ થયું હોય; જોકે આ કહેવાતું શિવમંદિર ખરી રીતે દેવીનું મંદિર છે એવી કલ્પના પણ વિદ્વાન લેખક શ્રી છાયાએ અત્યારના મંદિરમાં છતમાં તથા અન્યત્ર દેવ-દેવીઓનાં શિલ્પો તથા રાસનાં દશ્યો પરથી કરેલ છે, પરંતુ કોણાર્કના સૂર્યમંદિરમાં તો વધારે શૃંગારિક દેવ-દેવીઓનાં તથા સ્ત્રીઓનાં શિલ્પો છે, જ્યારે અત્યારના ઊભેલા મંદિરના સ્તંભોમાં માત્ર સ્ત્રીઓનાં શૃંગારિક નહિ, પણ બીજા પ્રકારનાં શિલ્પો પણ પ્રયવાયેલ પડયાં છે તેથી દેવીનું મંદિર હોવાની કરાતી કલ્પના સંશોધનનો વિષય બની શકે, પણ સ્પષ્ટપણે અત્યારે મનાય તેવી નથી.

કોટયર્કનું મંદિર વલભીના મૈત્રક શાસકોના સમયનું હોવાનું કહેવાય છે. અત્યારનું કહેવાતું શિવમંદિર બાંધણીના પ્રકાર, વપરાયેલ પથ્થરોની જાત, સ્થળની પસંદગી તથા પ્રાચીનતા અને અદ્ભુત કોતરણી(સ્તંભો વગેરેની) વગેરેને ધ્યાનમાં લેતાં કદાચ પ્રાચીન સૂર્યમંદિરમાંથી સૂર્યમૂર્તિ કાઢી લઈને શિવમંદિર બનાવેલ હોય એમ પણ કહી શકાય. આ સ્થળે 'ઉલૂખલ' જેવો પથ્થર પ્રાંગણમાં પડયો છે તેવા ઉલૂખલ મૈત્રક શાસકોના સમયનાં સ્થાપત્યોમાં સામાન્યપણે જોવા મળે છે, તેથી મૈત્રક કાલમાં બંધાયેલ સૂર્યમંદિર આ જ હશે અથવા નજીકનું નાશ પામેલ સૂર્યમંદિર હશે. કચ્છમાંથી દોલતપુરમાંથી સૂર્યમૂર્તિ(શિર) મળેલ છે, જે ઘણી પ્રાચીન છે. કચ્છમાં ક્ષત્રપકાલથી લાખા ફુલાણી અને પૂંઅરા'ના સમય સુધી ખેતી તથા વેપાર સારી રીતે વિકસેલ હતાં અને દેશ સમૃદ્ધ હતો એમ જણાય છે. આ સમય દરમ્યાન કચ્છમાં કોટાય તથા કંથકોટ, કેરા તથા પધ્ધરગઢનાં વિશાળ તથા શિલ્પસમૃદ્ધ સ્થાપત્યો થયાં છે. ભક્તિભાવથી અને કલાની સૂઝ ધરાવનાર શાસક અથવા બંધાવનાર શ્રીમંત વેપારી હોય અને શ્રેષ્ઠ કલાકારો પણ અહીં રહેતા હોય તો જ આમ બની શકે. કચ્છમાં સમાવંશના શાસકો-મોડનો વંશજ લાખો ધુરારો તથા આનાથી પહેલાં કચ્છમાં ક્ષત્રપોનું તથા કાઠીઓ અને ચાવડાઓનું શાસન હતું. કાઠી શાસકોનાં કોઈનાં નામ પણ જાણીતાં નથી, જ્યારે ચાવડા શાસકો વાઘમ અને એનો પિતા વીરમ ઇતિહાસપ્રસિદ્ધ શાસકો આઠમી સદીના અરસામાં હતા. આનાથી પહેલાં ચાવડો શાસક કનકસેન જનશ્રુતિ પ્રમાણે ૪ થી-૫ મી સદીમાં થઈ ગયો, એણે ભદ્રેસરનાં જૈન મંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલ હોવાનું કહેવાય છે. એનું શાસન વડનગરમાં હતું એવી પણ જનશ્રુતિ છે. સૌરાષ્ટ્રમાં પણ એનું શાસન હોવાની જનશ્રુતિ છે. કોટાય તથા કંથકોટનાં સૂર્યમંદિર ક્યારે બંધાયાં, કોણે બંધાવ્યાં એના સર્જકના નામ વિશે મતભેદ છે. કેરાનું શિવમંદિર તથા પૂંઅરેશ્વર બંધાયાં એની સાલ (સમય) વિશે પણ મતભેદ પ્રવર્તે છે તેથી સંશોધન જરૂરી છે.

ખેદની વાત એ છે કે આ પુરાતન સ્થાપત્યો અથવા એવા અવશેષોની પૂરતી સંભાળ જાળવવામાં આવી નથી અને અત્યારે પણ લેવાતી હોય એમ લાગતું નથી. ઉપર જણાવેલ ચારે પુરાતન સ્થાનક યોગ્ય સંભાળ તથા સુરક્ષા પામેલ નથી. આ મંદિરોનુ મહત્ત્વ ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક અને પુરાતત્ત્વીય ક્ષેત્રે જે રહેલ છે તે બહુ ઓછાને સમજાયું છે. આ ગુજરાતના ઇતિહાસ તથા પુરાતત્ત્વને લગતા ગ્રંથમાં આ ચાર સ્થાનકોને યોગ્ય મહત્ત્વ અને પ્રસિદ્ધિ અપાયેલ જણાતાં નથી એ શોચનીય છે.

કચ્છ ઇતિહાસ પરિષદ આ વિષયમાં લોક-જાગૃતિ પ્રગટાવી આ પુરાતન સ્થાનો તથા કચ્છનાં આવાં બીજાં પુરાતન સ્થાનકોની ઇતિહાસ તથા પુરાતત્ત્વ અને કલાવિષયક ગ્રંથોમાં યોગ્ય સ્થાન મળે, એ સ્થાનો વિશે સ્પષ્ટ માહિતી એકત્ર કરી રજૂ થાય એવા પ્રયત્નો કરે એ જરૂરી છે. ઇતિ શિવમ્.

ઠે. ગંગાબજાર અંજાર (કચ્છ), ૩૭૦૧૧૦



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "મઘમઘતાં ફૂલડાં"

શ્રી. ચંદ્રકાન્ત ન. ભટ્ટ

નવાપુર ગામમાં અમીચંદ શેઠની ડેલી અને એ ડેલીની જમણી બાજુ અમીચંદ શેઠની કરિયાણાની દુકાન. આ દુકાનમાં સર્વ વસ્તુ જથ્થાબંધ અગર છૂટક સાફસૂફ થયેલી જ મળે. સમાજના ગરીબ અને તવંગર વર્ગમાં આ અમીચંદ શેઠની આણ વર્તાય. પોસ્ટ ઑફિસમાં કામ કરતો ટપાલી કે પછી ગ્રામ પંચાયતનો પ્રમુખ પણ આ દુકાને આવે તો એ બંનેને માનભર્યો આવકાર તો સરખો જ મળે.

આ અમીચંદ શેઠ ૮૦ મે વર્ષે વિધુર બન્યા અને પૂરાં પંચાશી વર્ષનું આયુષ ભોગવી, અમીચંદ શેઠમાંથી અમીચંદ બાપા બની સ્વર્ગે સિધાવ્યા. એમના સ્વર્ગવાસનાં સાત વર્ષ પછી પણ આજે એ દુકાન 'અમીચંદબાપાની દુકાન'ના નામે જ જાણીતી છે.

બાપાની લીલી વાડીમાં બે પુત્રો સોમચંદ અને રૂપચંદ, બે વહુઆરુઓ તથા મોટા સોમચંદને એક પુત્ર અને નાના રૂપચંદને એક પુત્ર તથા એક પુત્રી, આમ સાત જીવ આનંદના કિલ્લોલ કરી રહ્યા છે. આ કુટુંબમાં એટલો બધો સ્નેહ કે દેરાણી જેઠાણીનું આડોપું કરે અને જેઠાણી દેરાણીનું. સગી બહેનો કરતાં પણ વિશેષ હેત આ દેરાણી જેઠાણી એકબીજી પર રાખે છે.

મોટો સોમચંદ બહારગામથી માલ ખરીદવાનું તથા ઉઘરાણી વગેરેનું કામ કરે અને નાનો રૂપચંદ દુકાન સંભાળે. ગામમાં કરિયાણાની બીજી બે દુકાન ખરી, પરંતુ અમીચંદ બાપાની દુકાને લોકોની અવર-જવર વધારે રહેતી, કારણ કે ભેળસેળ વગરનો માલ અને વાજબી ભાવ લેવાની બાપાની શિખામણ બેય ભાઈઓએ લેખે લગાડી હતી.

છોકરાં જેઠાણીને 'મોટી બા' અને દેરાણીને 'નાની બા'ના મીઠા સંબોધનથી બોલાવતાં.

પોતાની નાની બહેનનાં લગ્ન હોવાથી દેરાણી પિયર ગઈ હતી, પરંતુ ત્યાં લગ્ન પતી ગયા પછી એમના મોટા ભાઈને 'ટાઈફૉઇડ' તાવ આવતો હતો એટલે બીજા પંદર દિવસ વધારે રોકાવા માટે જેઠાણી પર પત્ર મોકલ્યો હતો. આ પત્ર નવાપુર આવ્યો ત્યારે પાડોશમાં રહેવા આવેલી નંદુ પણ ગપાટા મારવા જેઠાણીને ત્યાં બેઠી હતી.

પુરુષ હોય કે સ્ત્રી, કોઈનું સારું જોઈને કોઈ ખુશ થતુ હોય તો કોઈ કોઈ એનું બૂરું કેમ થાય એના મનસૂબા ઘડતું હોય. દેરાણી જેઠાણીને મીઠી મીઠી વાતો કરતી જોઈને આ નંદુના પેટમાં સૂળ ભોંકાતી અને કોઈ જોતું ન હોય ત્યારે પોતાનું મોં મચકોડી પણ લેતી.

મનુષ્યમાં રહેલી ઈર્ષ્યાવૃત્તિ જ્યારે જાગ્રત થાય છે ત્યારે પોતે શું કરે છે એનું ભાન રહેતું નથી. નંદુ પણ આમાંની એક હતી. પોતાની આ અધમ વૃત્તિ સંતોષવા એકબીજીને લડાવી મારવાની કુવિદ્યા પણ અજમાવતી, એકબીજીની ગેરહાજરીમાં કાનભંભેરણી કરવાનું ચૂકતી નહિ. બેય દેરાણી જેઠાણી નંદુની વાતને હસી કાઢતી ત્યારે નંદુના દિલમાં આગનો ભડકો સળગી ઊઠતો. આજે દેરાણીના આવેલા પત્રની વાત જાણી લીધા પછી સારો મોકો મળ્યો છે જાણી જેઠાણીને કહ્યું :

"હું નહોતી કહેતી કે તમારી દેરાણી પાંચ દિવસમાં પાછી નહિ આવે ? જોઈ લ્યો, જોઈ લ્યો, મેં કહ્યું હતું એમ જ થયું ને ?"

"મારી દેરાણીને એવી થોડી ખબર હતી કે એનો ભાઈ બિમાર પડશે ?"



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"તમે તો સાવ ભોળાં જ રહ્યાં. અહીં ઘરનું ગધાવૈતરું કરવાનું તમને સોંપીને બહેનબા માવતર બેઠાં છે, ભાઈ બિમાર પડવાનું તો બહાનું છે બહાનું."

"ના હો, નંદુબહેન! મારી દેરાણી એવી નથી. આજ દિવસ સુધી એણે મને પોતાની મોટી બહેન જ માની છે."

"હા તે, તમારા ભોળપણનો લાભ તો એમ જ લેવાય ને ? 'મોટી બહેન' 'મોટી બહેન' કરી અધી' થઈ જાય, પણ દિલમાં તો ઝેર ઘોળ્યું છે ઝેર. જવા દો ને, બહેન મારે શું ! આ તો તમારા પ્રત્યે મને કૂણી લાગણી છે એટલે કહું છું."

"ના ના, નંદુબહેન ! એ તો કમને પિયરમાં રોકાણી હશે, બાકી તો બે દિવસ થાય તો ત્રીજે દિવસ ત્યાં રોકાય જ નહિ ને ?"

"અરે શી વાત કરું તમને ? તમારા અને તમારા એકના એક જગદીશ પર હેતનો છાંટો પણ નથી તમારી દેરાણીમાં. તમે જ્યારે મંદિરે ગયાં હો ત્યારે પોતાનાં છોકરાંઓને કંઈ ને કંઈ છાની છાની ખવડાવતી હોય અને એ વખતે જો જગદીશ આવી પહોંચે તો એને કોઈ વસ્તુ લાવવા તરત જ બજારે તગેડી મેલે."

"ના હોય, બહેન ! મારા જગલા ઉપર તો પોતાનાં છોકરાંઓ કરતાં પણ વિશેષ હેત રાખે છે ને મારો જગલો પણ 'નાની બા' નાની બા' કરી એની પાસે જ પડ્યો પાથર્યો રહે છે."

"તમને તો મારામાં વિશ્વાસ જ નથી, પણ જોઈ લેજોને કોઈ દિવસ. તમને પાકી ખાતરી કરાવી દઈશ, એ દી તમે જ કહેશો કે, નંદુ ! તું સાચી હતી." આટલું બોલી છણકો કરતી નંદુ પોતાને ઘેર ચાલી ગઈ.

દેરાણી પોતાનો ભાઈ ધાર્યા કરતા વહેલો સાજો થઈ જવાથી પંદર દિવસને બદલે આઠ જ દિવસમાં પાછી આવી ગઈ એટલે નંદુનો અર્ધો જીવ બળીને ખાખ થઈ ગયો. જેઠાણી આ વખતે મંદિરે દર્શન કરવા ગઈ હતી એનો લાભ લઈ નંદુએ દેરાણી ઉપર પોતાની કુટિલ વિદ્યા અજમાવી.

"આવી ગયાં તમે ? કેમ છે તમારા ભાઈને હવે ?"

"ભાઈને હવે ઘણું જ સારું છે. અમારા ગામમાં નવા ડૉકટર આવ્યા છે તેમની દવાથી ભાઈને જલદી આરામ થઈ ગયો."

"સારું, સારું, અહીં તો તમારાં જેઠાણી ......જવા દો ને, બહેન ! આ તો સંસાર છે, ચાલ્યા કરે."

"શું થયું મારાં જેઠાણીને ? એમને ઠીક ન હતું ?"

"ના રે ના, એ તો મારી પાસે પોતાનો ઊભરો કાઢતાં હતાં કે મારી દેરાણી તો ચાર દિવસ લગ્નનું કહી પૂરા પંદર દિવસ રોકાવા માટે પોતાના ભાઈની માંદગીનું બહાનું કાઢી મને કાગળ લખે છે. તમને મારા સમ છે, જો આ વાત તમારી જેઠાણીને કરો તો. આ તો મને તમારા તરફ લાગણી છે એટલે બોલાઈ જવાયું."

"નંદુબહેન ! મારાં જેઠાણીએ તો મને તરત જ લખ્યું હતું કે તું તારે પંદર દિવસને બદલે તારો ભાઈ સાજો થઈ જાય ત્યાંસુધી રોકાજે અને એમ લખ્યું હતું કે ઘડી ઘડી એમ પિયર થોડું જવાય છે ? માટે તું તારે નિરાંતે આવજે."

"એ તો બધું ય ઠીક છે. ઉપર ઉપરથી હેત દેખાડે, બાકી એના મનમાં શું છે એ તમને ભોળાંને ક્યાંથી ખબર પડે ?"

એટલામાં દેરાણીનો દીકરો સુમન તથા દીકરી જાગૃતિ નિશાળેથી ભણીને ઘેર આવ્યાં અને જગુને સાથે ન જોયો એટલે નાની બાએ પૂછ્યું :



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"બેટા ! જગુ ક્યાં ?"

"નાની બા, મોટાં બા દર્શન કરવા જતાં હતાં એટલે જગુએ એનું દફતર અમને આપ્યું અને જગુ મોટી બા સાથે મંદિરે ગયો." સુમને નિર્દોષતાથી જવાબ આપ્યો.

"અમારા માટે શું લાવી છે, નાની બા ?" જાગૃતિ બોલી.

"માનખેત્રાના પેડા, તમને બહુ ભાવે છે ને ? એ લાવી છું, પણ જગુ ઘેર આવે ત્યારે બધાંને સાથે આપીશ."

"ના, નાની બા ! જગુ તો હજી એક કલાક પછી આવશે, હમણાં અમને એક એક પેંડો આપ, નાની બા !" સુમને કહ્યું.

નાનીએ એક એક પેંડો બેય બાળકોને આપ્યો. નંદુને ભાવતું હતું અને વૈદ્યે કહ્યું એવો મોકો મળી ગયો. ઝટપટ ઊઠીને મંદિરનો રસ્તો લીધો ને જેઠાણીના કાનમાં ફૂંક મારી :

"હું કહેતી હતીને કે તમારી દેરાણી પોતાનાં છોકરાંને છાનું છાનું ખાવાનું આપે છે ? જરા ઘેર જઈને જોઈ લ્યો કે તમારી દેરાણીનાં છોકરાં કેવાં પેંડા ઉપર પેંડા ઝાપટી રહ્યાં છે."

"એ ભલેને ખાતાં. પોતાને માવતરેથી લાવી હશે એટલે આપ્યા હશે."

"તમે તો સાવ ભોળાં તે ભોળાં જ રહ્યાં. ના, બાઈ ! મારે શું ? ભલાઈનો આ જમાનો જ નથી. મારી વાત ખોટી હોય તો મને ભગવાન પૂગે." આમ બોલી નંદુ મુખ મચકોડતી ચાલી ગઈ.

જેઠાણી તથા જગુને દૂરથી આવતાં જોઈ દેરાણી ઝટપટ સામે ગઈ અને જગુને બાથમાં લઈ લીધો તથા બોલી :

"આવી ગ્યો મારો જગુ ? જો, હું તારે માટે શું લાવી છું." એમ બોલતાં એક પેંડો જગુના મોઢામાં સરકાવી દીધો.

દેરાણી જેઠાણીમાં વિક્ષેપ પડાવવાનો નંદુનો આ પેંતરો પણ ખાલી ગયો.

હવે નંદુએ છોકરાં છોકરાંમાં ઝેર ફેલાવવાનું શરૂ કર્યું. એક દિવસ જગુને પોતાને ઘેર બોલાવીને એક જમરૂખ ખાવા આપ્યું અને બોલી :

"જગુ ! તારી નાની બાએ તો બજારમાંથી મોટાં મોટાં જમરૂખ મગાવી સુમન અને જાગુને ખાવા આપ્યાં, પણ તું એને યાદ ન આવ્યો. આ તો હું પાણી ભરવા જતી હતી અને સુમન તથા જાગુ છાનાં છાનાં જમરૂખ ખાતાં હતાં. મારાથી ન રહેવાયું એટલે મેં સુમનને કહ્યું કે જગુને જમરૂખ આપ્યું ? તો સુમન મને અંગૂઠો બતાવીને કહે કે અમે એને શા માટે આપીએ ? માટે, બેટા ! તું પણ આ જમરૂખ ખાતાં ખાતાં સુમન તથા જાગુને અંગૂઠો બતાવીને જ ખાજે. એ ભાઈ બહેન તો રોજ પેંડા પણ ખાય છે."

બાલસહજ સ્વભાવથી જગુએ નંદુની વાત સાચી માની લીધી અને જમરૂખ ખાતો ખાતો સુમન પાસે ગયો એટલે સુમને પૂછ્યું :

"મોટી બાએ તને જમરૂખ આપ્યું, જગુ ?"

"હા, આપ્યું : મને બધી ખબર છે, તમે પણ છાનાં છાનાં જમરૂખ ખાતાં હતાં." જગુ એક શ્વાસે બોલી ગયો.

"અમે તો જમરૂખ જોયું પણ નથી, જગુ !" સુમન બોલ્યો.

"જાઓ જાઓ હવે. તું ને જાગુ પણ જમરૂખ અને પેંડા પણ ખાઓ છો."

"ના હો, જગુ ! નાની બાએ તો આપણ ત્રણેયને એ જ દિવસે સરખે ભાગે પેંડા વાટી દીધા હતા."



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"જાઓ જાઓ હવે, તમને તો મારુ જમરૂખ જોઈને મોંઢામાં પાણી આવે છે." આટલું બોલી અંગૂઠો બતાવીને જગુએ જમરૂખ મોઢામાં મૂક્યું.

કદી પણ આવું વર્તન ન કરનાર જગુ પર સુમનને ખૂબ જ ખીજ ચડી એટલે જગુ પાસે જઈને એક તમાચો ચોડી દીધો. જગુ રડતો રડતો ફરિયાદ કરવા ઘરમાં ઘૂસ્યો.

"મોટી બા ! મોટી બા ! સુમને મને તમાચો માર્યો" ને જોર જોરથી રડવા લાગ્યો.

કદી આ છોકરાંઓને ઝઘડતાં ન જોનાર જેઠાણી ઘડીભર તો હેબતાઈ ગઈ. પછી બહાર આવી સુમનને પૂછ્યું :

"બેટા સુમન ! તે જગુને તમાચો માર્યો ?

"હા, મોટી બા ! જગુ જમરૂખ ખાતાં ખાતાં અમને અંગૂઠો બતાવી ખીજવતો હતો અને કહ્યું કે તમે બેય જણ તો રોજ છાનાં છાનાં પેંડા ખાઓ છો."

"બેટા સુમન ! તોપણ તારાથી જગુને મરાય નહિ, તારે આવીને મને વાત કરવી હતીને ?'

"તો જગુ અમને ખીજવતો હતો એનું કંઈ નહિ ?" સુમન ઉશ્કેરાટમાં બોલી ગયો.

"મારી સામે બોલે છે, સુમન ? આવવા દે તારા મોટા બાપાને" આમ કહી ધૂઆંફૂઆં થતી જેઠાણી ઘરમાં ચાલી ગઈ.

આ વાત થતી હતી ત્યારે સોમચંદ બહારગામથી આવ્યો હતો અને ડેલી બહાર ઊભો ઊભો આ બધી વાત સાંભળતો હતો. સુમનને પાસે બોલાવી એક લપડાક લગાવી ધમકાવી નાખ્યો.

"નાલાયક ! તું તારી મોટીબા સામું બોલે છે ? ખબરદાર, જો બીજી વખત આ પ્રમાણે બોલ્યો તો લાકડીએ લાકડીએ ફટકારી નાખીશ."

નંદુએ આ ઘરની શાંતિ છીનવવા ચિનગારી ચાંપી હતી તે કારગત નીવડી. નંદુએ દેરાણી વિરુદ્ધ કાનભંભેરણી કરેલ બધી વાતો જેઠાણીએ સોમચંદને કરી. પછી તો રાત્રે બેય ભાઈઓ વચ્ચે ચડભડાટ પણ થઈ ગયો અને દિવેલ પીધા જેવાં મોઢાં રાખી એકબીજા સાથે બોલતા પણ બંધ થઈ ગયા. ગભરુ દેરાણીએ પોતાના પતિને મોટા ભાઈ સાથે ઝઘડો કરતાં અટકાવવા માટે ખૂબ કાલાવાલા કર્યા અને જગુ સુમન તથા જાગુને પાસે બોલાવી પોતાનો પ્રેમાળ હાથ ત્રણેય ભૂલકાંઓને માથે મૂકતાં મૂકતાં ખૂબ જ શાંતિથી અંદર અંદર ઝઘડો ન કરવા સમજાવ્યાં અને ત્રણેય ભૂલકાઓ કદી પણ ન ઝઘડવાનું એની નાની બાને વચન આપી સાથે રમવા લાગ્યાં.

પરંતુ મોટી બાના નાની બા પ્રત્યેના વર્તાવમાં ફેર પડવા લાગ્યો નાની આ બધી વાતોથી નારાજ હતી, પણ હવે તો નહિ જેવી વાતમાંથી જેઠાણી ચકમકના તણખા વેરતી અને નાની મનમાં ને મનમાં મૂંઝવણ અનુભવતી, એક પણ શબ્દ સામે બોલ્યા વગર સહન કરી લેતી.

એક દિવસ નાનીથી પિત્તળનો હાંડો ગોળામાં પાણી રેડતાં હાથમાંથી છટકી ગયો તથા હાડામાં મોટો ગોબો પડયો અને જેઠાણી ત્રાડૂકી :

"કાં હાથ ભાંગી ગયા છે ? મારા પિયરનો હાંડો આમ નીચે કેમ પછાડયો"

"મોટી બા ! હાંડો તો મારા હાથમાંથી છટકી ગયો."

"હા હા, એ બધીય મને ખબર છે. જાણી જોઈને પછાડયો અને મારા દિયરને પણ ખોટાં-સાચાં ભરાવ્યે રાખે છે. તમારે જુદાં થઈ જવું હોય તો થઈ જાઓને, એટલે મારા જીવને તો શાંતિ."

"મોટી બા, આ તમે શું બોલો છો ? મેં તો સુમનને પણ તમારી સામે બોલવા માટે એ દિવસે ખૂબ માર્યો હતો."



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"તેં તો મારા દિયરને તારા જેઠની સામે બોલવા ઉશ્કેર્યો હતો અને આજે ડાહી ડાહી વાતો કરવા નીકળી છે ?"

"મોટી બા ! તમારા સુમન અને જાગુના સોગન ખાઈને કહું છું કે મેં તમારા દિયરને મોટા ભાઈ સામે ન બોલવા સમજાવ્યા છે."

"તારું કહેવું હું બધું સાચું માની લઉં એવી ભોળી તું મને ન જાણતી, હો ?"

દેરાણી તો જેઠાણીનાં આવાં વચનો સાંભળી ડઘાઈ ગઈ, એટલામાં જગુ બહારથી દોડતો આવ્યો અને બોલ્યો :

"નાની બા ! નાની બા, મને બહુ ભૂખ લાગી છે. કંઈ ખાવાનું આપો ને."

દેરાણીએ જગુને વહાલો કર્યો અને ખાવાનું દેવા જગુને રસોડામાં લઈ જતી હતી ત્યાં તો જેઠાણીએ જગુની પીંખડી પકડી ખેંચ્યો અને બોલી :

"ખબરદાર, જો 'નાની બા' 'નાની બા' કહ્યું છે તો. હું મરી નથી ગઈ તે જ્યારે ને ત્યારે 'નાની બા' 'નાની બા'નાં રટણ કર્યા કરે છે ?"

આમ નંદુએ મૂકેલ ઊંબાડિયામાંથી આગનો ભડકો સરજાયો અને એ જ રાત્રે બંને ભાઈઓ વચ્ચે ફરી એક વાર જોરદાર વાગ્યુદ્ધ જામ્યું અને પછી એકબીજાના રહેવાના તેમજ રસોઈ પાણીના પણ ભાગલા પડી ગયા.

જે ઘરમાં આનંદ અને કિલ્લોલ-ભર્યું વાતાવરણ હતું ત્યાં સૂમસામ વાતાવરણ છવાઈ ગયું.

નિર્દોષ દેરાણીની આંખોમાંથી આંસુડાં સુકાતાં નથી. જગુને એની નાની બા વગર ગોઠતું નથી. નાનીને ઘડી ઘડી જગુ યાદ આવ્યા કરે છે, પણ જગુને નાની બા પાસે જવાની સખત મનાઈ કરવામાં આવી છે. જગુના બાલ-માનસ પર આવા આકરા ફરમાનની માઠી અસર થઈ છે. ખાવાપીવાનું સાવ ઓછું થઈ ગયું અને એનું શરીર દહાડે દહાડે ઘસાવા લાગ્યું.

સુમન, જાગુ અને જગુ તો પોતા વચ્ચે થયેલી તકરાર ક્યારનાંએ ભૂલી ગયાં છે, પરંતુ હવે તો જગુને સુમન તથા જાગુ સાથે બોલવાની પણ મનાઈ કરવામાં આવી છે. ત્રણેય બાળકો એકબીજાં સામે કરુણામય નજરે જોતાં ખૂબ મૂંઝવણ અનુભવવા લાગ્યાં. કૌટુંબિક સંસારની આ અનોખી લીલામાં ત્રણેય બાળકો દિશાશૂન્ય બની ગયાં.

જગુને તો હવે ધીમો તાવ પણ લાગુ પડયો છે અને કોઈ દવા લાગુ પડતી નથી. ચાર ચાર ડિગ્રી તાવ આવે ત્યારે ઘેનમાં ને ઘેનમાં નાની બાના નામનું રટણ કરવા મંડે. સુમન અને જાગુએ એની નાની બાને વાત કરી કે જગુ 'નાની બા' 'નાની બા' બોલ્યા કરે છે એટલે નાની બા મોટી બાના ખંડમાં જગુને જોવા નીકળી ત્યાં તો જેઠાણીને બોલતાં સાંભળી ત્યાં જ થંભી ગઈ.

"ખબરદાર, જો 'નાની બા' 'નાની બા' કર્યું છે તો. પડયો રહે છાનોમાનો." અને દેરાણી રડતી રડતી પોતાના ખંડમાં પાછી ચાલી ગઈ.

ચોથે દિવસે જગુનો તાવ તો ઊતરી ગયો, પણ એકદમ તાવ ઊતરી જવાથી એને ખૂબ જ અશક્તિ આવી ગઈ. આંખો બંધ કરી જગુ પડયો રહેતો. કોઈ બોલાવે તો આંખો ખોલી વિચિત્ર હાવભાવથી એમની સામે જોઈ રહેતો અને તરત જ અર્ધ બેભાન અવસ્થામાં સરી પડતો.

સોમચંદ અને એની વહુ હવે મૂંઝાયાં કે છોકરો આમ કેમ કરે છે ! નથી ખાઈ શકતો, નથી પી શકતો અને દિવસે દિવસે નબળો પડતો જાય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંદુ બરાબર આ વખતે જગુની ખબર કાઢવા આવી અને બોલી :

"તમારી દેરાણીએ કંઈક કામણ-દૂમણ કર્યું લાગે છે, નહિ તો આ હસતો રમતો છોકરો આમ માંદો ન પડે. મેં તો તમને ઘણા વખત પહેલાં કહ્યું હતું કે આ તમારી દેરાણીથી ચેતતાં રહેજો."

સોમચંદે બાજુના ખંડમાં નંદુના આ બોલ સાંભળ્યા અને વિચાર કરવા લાગ્યો કે આટલો આટલો આ ઘરમાં ઝઘડો થતો હતો છતાં નાનીએ કદી પણ આ ઝઘડામાં ભાગ લીધો નથી કે કદી કોઈની સામે ઊંચે સાદે બોલી પણ નથી જગુ પણ એની મોટી બા કરતાં નાની બાનો વધારે લાડકો હતો. રૂપચંદને પણ પોતા સાથે ઝઘડો થતો ત્યારે કાલાવાલા કરી એને કંઈ પણ ન બોલવા કહેતી. જગુને પણ એની નાની બાનું હેત વધારે મળતું તેથી તો તાવમાં પણ નાની બાના નામનું રટણ કર્યા કરે છે. આ નંદુને કેમ અમારા પર આટલું બધું હેત ઊભરાવા લાગ્યું છે એની ખબર પડતી નથી." સોમચંદે બૂમ પાડી :

"જગુની બા ! જરા અહીં આવ તો."

સોમચંદનો બદલાયેલો અવાજ સાંભળી નંદુ તરત જ પોતાને ઘેર ચાલી ગઈ.

સોમચંદે પૂછ્યું : "આ નંદુ કેવી બાઈ છે ?"

"એ તો આપણી નવી પાડોશણ છે, બહુ ભલી બાઈ છે. મને તો એણે જ્યારે નાની પોતાને પિયર ગઈ હતી ત્યારે જ ચેતવી હતી કે આ તમારી નાનીથી સંભાળજો, અરે ખોટાં બહાનાં કાઢી પોતાને પિયર વધારે દિવસ રોકાશે."

"હા......બીજું શું કહ્યું હતું આ નંદુએ ?"

"મને એમ પણ કહ્યું હતું કે તમે જ્યારે મંદિરે દર્શન કરવા ગયાં હોય ત્યારે તમારી દેરાણી પોતાનાં છોકરાંઓને છાનું છાનું કંઈ કંઈ બનાવીને ખવડાવે છે. અરે મને તો એણે ઘણું ઘણું કહ્યું હતું, પણ હું મૂઈ કંઈ સમજી નહિ."

"અરે શું સમજી નહિ તું ? આપણા ઘરમાં આગ ચાંપવાવાળી આ નંદુ જ છે. આપણને એક બીજાને લડાવી મારવાનું કામ પણ આ નંદુડીએ જ કર્યું છે !"

જગુ પથારીમાં પડ્યો પડ્યો આ બધી વાતો સાંભળતો હતો એટલે તુરત જ બોલ્યો :

"હા, બાપુ મને પણ નંદુમાસીએ જ જમરૂખ આપ્યું હતું અને કહ્યું હતું કે સુમન અને જગુ તો રોજ છાનાં છાનાં જમરૂખ ખાય છે માટે તું પણ જમરૂખ ખાતાં ખાતાં સુમન તથા જાગુને અંગૂઠો બતાવી બતાવીને જ ખાજે."

જગુ એક જ શ્વાસે આટલું બોલી ગયો અને અશક્તિને લીધે આંખો તારવી ગયો.

જગુની આવી સ્થિતિ જોઈ બંને જણાં ગભરાઈ ગયાં. જગુને પાછો તાવ ચડી આવ્યો એટલે ઝટપટ મીઠાનાં પોતાં માથે મૂક્યાં. થોડી વાર પછી જગુએ આંખો ખોલી અને લવન ચાલુ કર્યું :

"નાની બા ! નાની બા ! તમે ક્યાં છો ? મારી પાસે આવોને." આટલું બોલતાં તો જગુ પાછો અર્ધ બેભાન જેવો થઈ ગયો.

"રૂપચંદ ! ઘરમાં છે ? જરા નાનીને અહીં મોકલ તો." સોમચંદે બૂમ પાડી.

નાની તો આની રાહ જોઈને જ બેઠી હતી. તુરત જ દોડતી આવીને જગુને વળગી પડી. જગુના માથા પર અને શરીર પર હાથ ફેરવતાં ફેરવતાં ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

"દીકરા જગુ ! જો તો ખરો, તારી પાસે કોણ આવ્યું છે." સોમચંદ બોલ્યો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જગુએ ધીમે ધીમે આંખો ખોલી અને એની નાની બાને જોઈને જરા મુખ મલકાવ્યું, પણ પાછો તુરત જ આંખો બંધ કરી ગયો. નાની તો જાણે વરસો પછી એના લાડલા જગુને મળી હોય એમ એના ગાલે ચુંબન કરતાં કરતાં પોતાની આંખોમાંથી આંસુડાંની ધાર વહાવતી બોલી :

"જો, બેટા જગુ ! હું તારી નાની બા". આટલું બોલતાં તો એને ગળે ડૂમો ભરાઈ ગયો અને પછી જેઠાણી સામે જોઈને આક્રંદ કરતી બોલી :

"મોટી બા ! મોટી બા ! મારા જગુને આ શું થઈ ગયું છે ?"

બંને દેરાણી જેઠાણી ચોધાર આંસુડે રડતાં રડતાં, જગુના શરીર પર હાથ ફેરવતાં ફેરવતાં અસહ્ય વેદના અનુભવી રહી હતી. રૂપચંદને આવતો જોઈ સોમચંદ બોલ્યો :

"નાના ! આપણા ઘરમાં આગ કોણે ચાંપી છે એની ખબર છે તને ?"

"ના, મોટા ભાઈ !" રૂપચંદ બોલ્યો.

"ઓલી નંદૂડીએ, બોલાવ એને, આજે ખરા ખોટાનાં પારખાં કરવાં છે." સોમચંદ ત્રાડૂકી ઊઠ્યો.

ઘૂમટમાંથી નાનીનો ધીમો ધીમો અવાજ આવ્યો :

"ના હો, મોટા ભાઈ ! હમણાં નહિ, જગુને સાજો થઈ જવા દો, પછી બોલાવશું નંદુને, આપણે એના જેવું નથી થવું. બાકી, મોટી બા ! એણે તો મને પણ તમારા વિશે ઘણી ઘણી વાતો કરી છે અને એમાં પણ જ્યારે એણે મને એમ કહ્યું કે તારી જેઠાણી તો કહેતી હતી કે ખોટાં બહાનાં કાઢીને પિયરમાં પડી છે અને તને બે બે કટકે ગાળો દેતી હતી ત્યારે મેં કહ્યું કે, નંદુબહેન ! મારા જેઠાણી તો મને પોતાની નાની બહેન કરતાં પણ વિશેષ રાખે છે માટે, નંદુબહેન ! તમને હાથ જોડીને વિનતી કરું છું કે હવે પછી આવી વાતો મારી આગળ કરશો નહિ, એટલે છણકા કરતી ચાલી ગઈ અને એ દિવસથી મારી સાથે તો બોલતી પણ નથી."

"રૂપચંદ ! હું તો કહું છું કે એ નંદૂડીને હમણાં ને હમણાં જ બોલાવીએ."

સોમચંદે ત્રાડ નાખી એટલે નાની ફરી બોલી ઊઠી :

"એ ભલેને એવી રહી. પોતાનાં કર્યાં પોતે ભોગવશે. આપણે આજથી નંદુ સાથે વ્યવહાર બંધ કરી દઈએ."

સોમચંદ અને રૂપચંદને હવે પૂરેપૂરી ખાત્રી થઈ ગઈ કે ભાઈ ભાઈમાં ઝઘડો કરાવી જુદા કરાવવામાં પણ નંદુનો હાથ હતો.

નાનીની સારવારથી જગુની તબિયત સુધરવા લાગી અને આઠ દિવસમાં તો જગુ હાલતો ચાલતો થઈ ગયો. હવે તો જગુ એની નાની બાને ત્યાં જ સુમન અને જગુ સાથે રમ્યા કરતો અને જમતો પણ ત્યાં જ.

એક દિવસ સોમચંદે રૂપચંદને બોલાવીને કહ્યું :

"રૂપચંદ ! આજથી નાની મોટી બેય એક જ ચૂલે રસોઈ કરશે અને હા, આપણી દુકાનના ભાગલા કરવાનાં જે કાગળિયાં વકીલ મારફત તૈયાર કરાવડાવ્યાં છે તે હમણાં ને હમણાં લઈ આવ અને મારી નજર સામે ચૂલામાં બાળી નાખ."

આમ નંદુએ સર્જેલો વાવંટોળિયો શમી જતાં ફરી પાછાં અમીચંદ બાપાની લીલી વાડીમાં મઘમઘતાં ફૂલડાં ફોરાવા લાગ્યાં.

ઠે. 'ગાયત્રી', માધવપુર ઘેડ-૩૬૨૨૩૦ (જિ. જૂનાગઢ)



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્રાંતિ

શ્રી. નવનીત વ્યાસ

ઘણાં વર્ષે સમીર મોસાળ ગયેલો, ખાદીનો લાંબો ઝભ્ભો, મોટા ફર ફર થતા કાળા વાળ અને ખભે બગલ–થેલો.

ભાગોળની ઊડતી ધૂળ જોઈ એના પગમાં ગતિ આવી. સામેથી જ એક વૃદ્ધ આવી રહ્યા હતા, પણ આ ગામના બધાને 'મામા' કહેવું પડે એ એને આરંભથી જ ગમતું નહોતું. એના કદમ આગળ ચાલ્યા. એણે પેલા વૃદ્ધને ઓળખ્યા જ નહોતા.

પેલા વૃદ્ધ ઓછા છોડે એવા હતા ? ડાબા હાથે લાકડીનો ટેકો તો હતો જ ને ? જમણા હાથે છાજલી કરી સમીરને નજીક જોતાં જ બોલ્યા : "કુણ ઈ ? ભોનિયો સમીર ? ચ્યમ અલ્યા આજે બઉ દા'ડે ? તું તો બોલતોય નહિને કાંઈ ?'

ઉતાવળે કદમ માંડતો સમીર અટકી ગયો. જેને જાણવા માટેની કે જોવા માટેની તલપ હતી તે તો સામે જ હતા. ભાવતું'તું ને વૈદે કહ્યું જેવી વાત હતી. 'ગમે તેમ પણ ઓળખ્યા જ નહિને ? ઓહો ...હો કોણ પશા મામા ? બિલકુલ ઓળખાતા જ નથી ને ? આ જાડાં જાડાં ચશ્માં ને વધી ગયેલી દાઢી મૂછ : મને તો એમ કે માથે ફાળિયું બાંધેલા આ કોઈ બીજા જ હશે ! કહેવું પડે એક જમાનામાં તમારું શરીર જોઈને અમે બધા અદેખાઈ કરતા ! ને આજે ?' કહી સમીરે બે હાથ જોડી 'નમસ્તે' કરીને જમણું કાંડું આગળ કરી કંઈક બોલવા જતો હતો ત્યાં એને રોકી પશા મામા કહે : 'ભઈ ! ઈ તો હાપ જયા ને લિહોટા રિયા. અવસ્થા થઈ એટલે એવું જ ને ? ચ્યમ, લ્યા ! હંધાંય મઝામાં ?'

'હા, મામા.'

'ને મારી બૂન ?'

'એય મઝામા, મામા !'

પશાભાઈએ બોલતાં બોલતાં સમીરનો હાથ પકડી લીધો, કદાચ જતો ન રહે ! સમય પસાર કરવા માટે કંઈક તો જોઈએ ને ? કે પછી ભાવેય નીતરતો હોય એમની આંખો તો નીતરતી જ હતી.

'ભોનિયા !'

'હા, મામા !'

'આ મુંધવારી તો જબરી પાસર પડી સે ? ઈ જ વચારતો આવતો'તો તંઈ તને ભાળ્યો. ભઈલા ! જોણેસ, પરમ દિ' આપડો રઘલો હૂરત ગ્યેલો, તો કયે, તરી રૂપયે કિલો કારેલાં !' અલ્યા, અંઈ તો ગધેડે ગવાયસે ને તેલ ? તો આ જ પસા રૂપિયા સે તો ન્યાં એવું ઓહે ? 'હા, મામા ! સોનું તો અમારે ત્યાંય જોવા જ ન મળે અને ચોખ્ખું ઘી ! રામ રામ કરોને.'

'લ્યા ! અમે તો ફહિયાનું ચાર હેર જી (શેર ઘી) ખાધેલું તી' આ બધો ભાવ આકરો નો લાગે ? ઈ તો હારું સે. આપડે ખેતી સે, નંઈ તો પોહાય ઈવી રીતે ?

'અરે મામા ! તમારે ખેતી છે, પણ મારા જેવાને ? એ તો નોકરી સારી છે. તદ્‌–ઉપરાંત ઘણા ઘંટીચોડા કરું છું, નહિ તો ? આવી મોંઘવારીમાંય જીવવું તો પડે કે નહિ ?"



For Private and Personal Use Only

'તું ન્યાં હું લબકા લેવા રે'સ ? આંઈ આવતો રે'ઈ તો હડહડારવાનાં થઈ જાહે. અજુ ગોમમાંથી ધરમ મરી પરવાર્યો નહિ, તો એમણુના છોરાને ભૂખ્યા રે'વું પડે ? એઈ તુ તારા ધુબાકા લ્યે, ખેતરમાં ઘણ્ણા દાણુા પડ્યા સે, પન તું નંઈ આવે. જાતું સ તારે, ત્યાંનાં ફદિયાંની કમેણ્ણી વધારે ને ? અટલે. એવું કર, થોડાં ફદિયાં આંઈ મોકલી આલજે'. ડોસા દાંત વિના ખડ ખડ હસતા હતા. સમીરને મઝા આવી. એય હસ્યો.

'સાચી વાત છે તમારી : આ મોંઘવારીએ ભલભલાની કમર તોડી નાખી છે. જે કંઈ બચ્યું હોય તે એના ખપ્પરમાં જ હોમાયે જાય છે. મામા ! તમે જ કહોને ક્યાંથી બચે તે મોકલું ?'

'તું હમજ્યો નંઈ, લ્યા ! આ બધાય ઓલ્યા ઢોંઘિયાઓ નાં હોય ! મારા હાળા ધોળા ડગલા પરીને આવે ને પસે ? દેખાડવાના જુદા ને ચાવવાના જુદા લ્યા, આ હાળાથી તો તણુખલુંય ઊંચું નો થાય ! ઈની ઓનને રાખું, ઈમને તો એક જ વાત સે : આપડું તરભાણું ભરોને ? લોકનું જી થાવાનું અહે ઈ થાહે !'

એ બોલતા હતા એ દરમ્યાન ભૂતકાળની એક ઘટના બંનેને સ્પર્શવા લાગી. સમીરે એમની લાકડી પકડી હતી અને પશા મામાનો હાથ તો સમીર પર હતો જ.

વર્ષો પહેલાં ગામની એ જ ભાગોળે પશા મામા અભડાઈ ગયા. એય...પહોળા પહોળા ખભા માથે લુખ્ખા વાળ ને ડાબા હાથે કોદાળી, જમણા હાથમાં બીડીનું ઠૂંઠું તો મોઢામાં જ હતું. જાણે હમણાં જશે એ બીકે પશા મામા એનો છેલ્લો કસ જોરથી લેતા હતા. એ દિવસે સમીરને રોકીને હાથ બતાવી રહેલા પશા મામાએ ઠૂંઠું બાજુ પર ફેંક્યું : ને પૂછ્યું 'હા, ભોનિયા ! હંધાય મઝામાં ? ચ્યમ ભોણાભાઈ ? આતારમાં ચ્યો હેંડ્યો ? 'મોમા ને ન્યાં.' 'એ હાચવીને જજે, ગગા !'' બીજી બીડીનું પાન વાળતાં વાળતાં મામા બોલેલા. 'તે મામા ! મેં સાંભળ્યું છે તમે બધાએ ભેગા થઈને રેલવેના પાટા તોડી નાખ્યા, સાચી વાત ?'

પશા મામાએ સળગાવતાં પહેલાં બીડી મુખમાં નાખી જોઈ લીધું કે કોઈ આવતું નથી ને ! ખાલી એકાદ પાણિયારી બેડું મૂકીને દૂર જઈ રહી છે. 'ઈમાં હું મોટી વાત સે ?' વળી ખોંખારો ખાઈ કહે : 'કોઈને કે'તો નંઈ, તું તો જાણેસને આ સરકાર ?'

નકારમાં ડોકું ધુણાવતો સમીર બોલ્યો : 'પણ આ સરકાર તમને છોડશે નહિ, હો મામા !'

'તુંય હું, હાળા વઈડા ! હેરમાં રિયો એટલે બીકણુ થિયો ? ચંચીએ તને આંઈ ભણવા મેલ્યો સે, નંઈ કે ફટ્ટુ થાવા.''.

સમીર હસતાં હસતાં કહે: 'બધી ખબર છે, મામા ! મને બધી ખબર છે, પણ આ બ્રિટિશ સરકાર તમને નહિ છોડે, હો ? કેવા કેવા વાવડ આવે છે, જાણો છો ? હું તો કહું જ નહિ છતાં એ તો અંદર કંડારાઈ ગઈ' !'

'અલ્યા, તારી પર એટલો વશવાસ હોશે નંઈ તો તને કીધું, ભોનિયા ! હોધી કાઢશે, પન કેવી રીતે ? ઈ તો કચે...આ ગમ વઈણ્ણાના હુધી ને ઓલી ગમ પાલેજ હુધી હંધાય પાટા તોડી નાખ્યા સે, લ્યા, ટેલિફોનમાં દોઈડાંય સફાચટ સે, પસે ?' એમના ઉત્સાહ પર ઠંડું પાણી રેડતાં સમીર કહે : 'ને વળી મોટર વાટે...હાઈવે પર થઈને !'

પશા મામા તો ઉત્સાહમાં ને ઉત્સાહમાં ખડખડાટ હસ્યા અને સમીરને કહે : 'ગોંડા ! ઈમાંય રોડાં ને ઝાડવાં આડાં મેલ્યાં સે, પસે મોટર ચેવી રીતે આવહે ?'



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'તમે તો ખરા છો, મામા ! ચાર પાંચ દા'ડા તો નહિ જ આવે, પણ પછી તો આવશે ને ? મેં સાંભળ્યું છે, મામા ! આ સરકાર તો સાવ નક્કામી છે.'

'તું હાળા ફટુ જ રિયો. ચ્યમ કોતર નહિ ? વાવડ મળહે એવા ભાગી જાહું. પસે તો પડહે એવા દેવાહે !'

'પણ, મામા ! સહેજ તો સમજો ! તમેય..આ ગાડરિયા પ્રવાહમાં !'

'માળો ઠફોર જ રિયો. લ્યા ! હેરના લોકોએ ભેગા થઈ સંધા ગેટ્યુ બારી નોખી કે નંઈ ? કેટલાય પોલીસો ઈમ ને ઈમ હેકાય ગિયા. તું તો જાણે હમજતો જ નહિ ! ઓલ્યા ગાંધી બાપુ ને નેતાજી આઝાદી માટે આપણને એટલું કયેસે ! તું ભને સે, પન ગનતો નહિ !'

સમીરને તો આ વાત જ પૂરેપૂરી જાણવી હતી એટલે તો એ ગમે તેવું તોય સાંભળતો ઊભો હતો. 'તમેય શું, મામા ! ગાંધીજીની વાત કરો છો ? એ તો ઉપવાસ પર ઊતરે છે અને અહિંસા પાળવાનું કહે છે !'

'તુંય હું, ભૂંડા ! વાતનો મરમ હમજ્યો નહિ ને ? ઈ એવી વાત કહેસ, પન, ઓલ્યા ! હું કયેસે બળ્યું, હૈયે સેને હોઠે નહિ આવતું !'

'કોની વાત કરો છો, મામા ?'

'બળ્યું નોમેય ભૂલી જવાય સે. જપોનમાં આવડા પોલીસો એકઠા કરે સે ઈ કૂણ ? હાળું જબરું. આંખ હોમે ઈની આકુરતિ સેને, યાદ નહિ આવતું.' પશા પટેલ એક હાથ કપાળે લગાવી બોલ્યા હતા.

'કોની, મામા ? સુભાષબાબુની વાત કરો છો ?'

'હા...હા...ઈમની જ ! ચ્યમ ઈમને નહિ કીધું' કે ગમે ઈ થાય, પન આ સરકાર તો જવી જ જોયે ! 'લ્યા' હાળા ઈ કૂતરાની ગોડે આરામથી રિયે ને આપણને હડધૂત કરે' ! આપડે કોંક તો કરવું જોયે કે નંઈ ?'

એ સમયે ૧૪ વર્ષના સમીરને પશા મામાની વાતો બહુ ગમતી. એમાંય સુભાષબાબુની વાત માટે તો એ ગાંડો હતો. એ બાબતો માટે વળી આગલે જ દિવસે એણે પઠાણ બનીને કેવી રીતે ભાગી ગયા એ વાંચેલું. એ તો એટલું તો માનતો જ હતો કે એ માણસમાં કેટલી શક્તિ હશે કે જાપાનની સરકારને સમજાવી શક્યો ! માટે જ એ મામાની ઊલટ-તપાસ લેતો હતો.

'તે મામા ! સુભાષબાબુ તો બહુ મોટા નેતા કહેવાય !'

'ઈ મોટા નેતા કહેવાય ને આપડે ? લ્યા, બધાય મોણક તો સિયે કે નંઈ ? ઓલ્યાં સકલાંને ય સ્વતંત્રતા જોયે ને આમડે ની જોયે ?'

'હાલ્ય હાલ્ય, ! જોને ચેટલું મોડું થયું ? ઢગલો કોમ પડયું સે !'

'આ હાલ્યો ! ને ભોનિયા ! હાંજે ઘરે વાતો કરહું ? હોકે ?'

સમીર હકારમાં ડોકું હલાવતો રહ્યો ને પશા મામા તો ચાલ્યા !

સમીર આ સ્વતંત્રતાના આશકની પીઠને તાકી રહ્યો હતો. તાજું જ ભણતર એને યાદ આવ્યું.

'Freedom is an inborn capacity.' મન તો આગળેય બોલવા લાગ્યું : 'ધન્ય છે આ ગામડિયાને કે જેણે દેશ-ભક્તિ માટે-રાષ્ટ્રભક્તિ માટે આટલું સમર્પણ કર્યું ! ગાંધીજીની વાત સાચી હોય, પણ જુવાનીને તો આજ સૂઝે ? મારી વાત જ કરું ? મને નેતાજી ખૂબ ખૂબ ગમે છે, પછી ગાંધીજી કેવી રીતે ગમે ? નેતાજી કહે છે : એક લાફો મારે તો એનું બોચું તોડી નાખો. આ બધી વૃદ્ધોની વાતો કહેવાય. જેમનામાં દયાનો છાંટોય નથી, જેમણે દેશના ભલા માટે આપણા કારીગરોનાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાંડાં કાપી નાખ્યાં છે, એમના પ્રત્યે શાનો ભાવ જાગે ? આપણે તો નેતાજી જ સાચા નેતા.' એ જમાનામાં સમીરની આવી વિચારસરણી હતી.

બીજા દિવસે સમીરે સાંભળ્યું કે ગોરી પોલીસો જીપમાં આવી છે અને ગામલોકોને ખૂબ મારે છે. ચારેય બાજુએ ભયનું વાતાવરણ ફેલાયેલું છે. એટલે સુધી કે એ ભય અહીં સમીરની બોર્ડિંગ સુધી આવી ગયો છે. પેલા પશા મામા, કરસન મામા અને ઊકા મામાની શોધ ચાલી. કોતરમાંથી જે પકડાયા તેને ખૂબ માર્યા. જે ન પકડાયા તેમનાં બાળકોને ત્રીજે માળથી ફેંકી દીધાં. બૈરાંની આબરૂયે લૂંટી. ચારે બાજુએ એવો આતંક મચી ગયો હતો કે કોઈ ચૂં કે ચાં ન બોલી શકે.

આ પછી સમીર એકલો બોર્ડિંગના ખૂણામાં બેઠો બેઠો વિચારતો હતો : 'આ બધા સુવ્વરો જ છે, શેતાનો જ છે. એમનામાં દયા જેવું તત્ત્વ જ નથી, પણ મેં...રાષ્ટ્ર માટે શું કર્યું ? પશા મામા તો 'ફૂટ' કહેતા. એમના જેવાએ રાષ્ટ્ર માટે આટલું બધું કર્યું અને પોતે ? શહેરનો રહેવાસી હોવા છતાં મેં રાષ્ટ્ર માટે શું કર્યું ?'

'મારા પપ્પાય ગામડાના જ હતા ને ? એ તો જબ્બર રાષ્ટ્રપ્રેમી હતા. આ તો ગુરુજીએ આવા બનાવી દીધા છે, બાકી ? હશે, જાગ્યા ત્યારથી સવાર એ તો ટીપે ટીપે જ સરોવર ભરાયને ? સાળાઓને કહેવું જ નથી. કાલે સવારે ખબર પડશે ત્યારે ? બધાયને ખબર પડશે ને પછી આઝાદી તો હાથવેંતમાં જ છેને ? ગમે તેમ પણ આ સરકાર તો જવી જ જોઈએ.'

બોર્ડિંગના રસોડે જમતાં જમતાં એણે પેલો વિચાર મનમાં ગોઠવ્યો ને સુરેશના કાનમાં કંઈક કહ્યું, પછી સામે જોઈ ધીરેથી કહે : 'તું જો આપણા તરફનો છે એટલે ધ્યાનથી સાંભળ. મોડી રાત્રે ભેંસનો અવાજ અને એને હાંકવાનો અવાજ આવે એટલે નીચે આવજે. કંઈ લાંબું વિચારવાનું નહિ. તારે આઝાદી જોઈએ છે કે નહિ ?' હકારમાં ડોકું ધુણાવતો સુરેશ 'ચોક્કસ' બોલી, હાથ ધોઈ ત્યાંથી જતો રહ્યો. મોડી રાત્રે બધાના ઊંઘી ગયા પછી જોકે સુરેશ તો ઊંઘ્યો જ નહોતો, ભેંસનો અવાજ અને એની પાછળ જ એને હાંકવાનો અવાજ આવ્યો ને તરત જ ઊઠી દાબેલે પગલે દોડ્યો અને અંધકારમાંથી દેવ પ્રગટ થાય તેમ સમીર સામે આવીને ઊભો. બંને ચાલતા ચાલતા એ જ અંધકારમાં ઓગળી ગયા.

એક વૃક્ષ પાસે આવી નીચેથી બંનેએ મોટો પથ્થર લઈ લટકતી સાંકળ અને ખીલો તોડી નાખ્યાં, પછી બધો ગુસ્સો એમણે પોસ્ટના લાલ ડબ્બા પર કાઢ્યો. એનો કૂચ્ચો એવી રીતે કરવા માંડ્યો કે જાણે વિદેશી સરકાર હમણાં જ જઈ રહી છે. પેલું પોસ્ટનું ડબ્બું કુચ્ચો વળી ગયું છતાંય એને માર માર જ કરતા હતા, એવી રીતે જાણે મરી ગયા પછી સાપને બધા મારે છે તેમ. સમીર તો બધો ગુસ્સો ડબ્બા પર જ ઉતારી રહ્યો હતો. સુરેશે એને રોકી, ડબ્બું લઈ, તળાવની પાળે જોરથી ફેંક્યું બંને અંધકારમાં ઓગળવા લાગ્યા.

થોડે જઈ સમીરે કહ્યું : 'હવે તું જા, હું પાછળથી આવીશ.' એ તો હજુય હાંફતો જ હતો. 'ભલે !' કહી સુરેશ ચાલ્યો ત્યાં પાછળથી ભેંસનો અવાજ અને એને હાંકવાનો અવાજ આવ્યો. સુરેશ એ અંધકારમાંથી પ્રગટ થઈ સમીર પાસે આવ્યો.

'હા, જો, તને એટલા માટે બોલાવ્યો કે કોઈને કહેતો નહિ, ખાનગી રાખજે. હવે જા..., પણ ધીમે.'

સુરેશે જતાં જતાં સમીરને કહ્યું : 'તુંય શું, યાર ? એમ માને છે કે હું કહી દઉં ? આ તો ગુરુજીએ પેલી વાર્તા મને નિશાન બનાવીને કહેલી એટલે બધાય માની બેઠા અને તુંય કે' મારા પેટમાં વાત જ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહેતી નથી. સાંભળ, આ બાબતનો રેલો તો આપણી નીચે આવે છે. બાકી જે ન કહેવા જેવું હોય તે ન જ કહું ને ? તું ચિંતા ન કર..આ ચાલ્યો'.

સમીરે એને ચૂપ રહેવાનો ઈશારો કર્યો ત્યાં તો પાછો વળી અંધકાર એને ગળી ગયો. સમીર આવીને ઘસઘસાટ ઊંઘતો હતો. મળસકું થવાને થોડી વાર હતી. એને પોતાના કાર્યથી સંતોષ હતો એટલે નિરાંતે ઊંઘતો હતો. દરમ્યાન રોન મારવા નીકળેલા ગામના જ એના મિત્રના પિતા પોલીસ પટેલે મજાક ખાતર સમીરના ઓઢવાનામાં બંદૂકનો આગળનો ભાગ ખોસ્યો અને જાડા અવાજે કંઈક બોલ્યા. સમીર ભર ઊંઘમાંથી એકાએક જાગી ઊઠ્યો, એને મિત્રના પિતાને બદલે અન્ય વિદેશી ઑફિસર દેખાયા. સાથે ઓઢવાનું ઓઢી ઊભેલા ગુરુજીને બદલે પોલીસો દેખાયા અને ઘડીના છઠ્ઠા ભાગમાં વિચારી એ પેલા પોલીસ પટેલના ચરણમાં આળોટી પડ્યો, માફી માગવા લાગ્યો, રડવા લાગ્યો ! 'માફ કરો...માફ કરો, સાહેબ ! એ તો મેં નહિ પેલા સુરેશ્યાએ તોડ્યું છે !' એને ખબર હતી કે વિદેશી અફસરો કેટલું મારતા હતા. વળી પોલીસ પટેલ અને દોડી આવેલા અન્ય ગુરુજીઓને વધારે મજા આવવા લાગી. પોલીસ પટેલે મૂછમાં ગુસ્સો ઓકતાં પૂછવા માંડ્યું : 'બોલ, બોલ ! શું તોડ્યું હતું ? સાચ્ચે સાચ્ચું બોલ'. અન્ય સહુના હાસ્યથી સમીર પરિસ્થિતિ પારખી ગયો અને જાણે કશું બન્યું જ નથી એમ પડ્યો રહ્યો. પેલા લોકોએ જ એને જગાડવા ઘણા પ્રયત્નો કર્યા, પણ કહ્યું છે ને કે 'જાગતો બમણું ઊંઘે' જેવું લાગતું હતું, સમીરનો ઢોંગ ચાલુ જ હતો. કોઈક સ્થળે બેટરી લાગતી તો એક આંખથી જોઈ લેતો. એને તો માત્ર પશ્ચાત્તાપ જ કરવો હતો. જે બફાઈ ગયું છે તેમાં થઈ શું શકે ?

પેલા બધાય કંટાળી યથાસ્થાને જતા રહ્યા પછી સમીરનું મન વિચારે ચડ્યું : 'આવી ઠંડીમાંય પ્રજા નિરાતે ઊંઘતી હોય તો આ પોલીસ પટેલને લીધે જ. અત્યારે બધાં ઊંઘે છે ત્યારે એ જાગે છે. ધન્ય છે એમને. નટુના પપ્પા છે માટે નહિ, પણ એક ઈમાનદાર અધિકારી છે માટે.'

આ પછી એ પેલા બફાઈ ગયેલા વિચારે એનો પીછો પકડ્યો, પણ પુછાય કોને ! આખરે જંતુ કરડ્યું હોય એમ પડી જ રહ્યો.

સવારથી સમાચાર આવ્યા કે કોઈ બેવકૂફે ડબલુંય તોડી નાખ્યું. એ અને સુરેશ પણ ટોળામાં વાતોએ જ વળગેલા. ગામડામાં એક તો આટલે દૂર પોસ્ટનું ડબલું હતું. બિચારા હરિભાઈ માસ્તર એની સંભાળ લેતા'તાને ? તોડનારને એનું ભાન હિ હોય !'

ટોળામાં સમીર સુરેશે વાત કરતાં કરતાં એકબીજાના સામે જોયું, પણ કોઈને ખબર ન પડે એવી રીતે.

એટલામાં પશા મામાનો જુવાન જોધ દીકરો રઘલો સમીરને એની વિચારતંદ્રામાંથી જગાડતો કહેવા લાગ્યો : 'હાલો, હાલો, બાપા ! ઘરે નહિ આવવું ? આ તો સમીરભાઈ સેને ? ચ્યમ ભઈલા ! હા, નમસ્તે ! હંધાં હારાં સેને : 'હા' સમીર હકારમાં ડોકું ધુણાવતો હતો.

તમેય ! સમીરભાઈ, પરવારીને ઘરે આવજો, હો કે ? બાપા ! હાલો...હાલો...'એ આવજો, સમીરભાઈ !'

પશા મામાનો હાથ ઝાલી લઈ જતાં, લઈ જતાં રઘુ બોલતો હતો. સમીર છૂટો પડ્યો. એની આંખોનાં કોડિયાં શ્રાવણ-ભાદરવો વરસાવી રહેલાં હતાં.

એણે પાછળ જોયું તો પેલો મહામાનવ દીકરાનો હાથ પકડી કંઈક બબડતો બબડતો જઈ રહ્યો હતો.

ઠે. નિત્યાનંદ સોસાયટી, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧

□



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઈતિહાસની આરસી ("પાણીપત–કુરુક્ષેત્ર")

શ્રી. એ. એસ. આશર

દોસ્તો ! હું એક એવું મેદાન છું કે જ્યાં ભારતીય ઉપખંડના ભાવિના નિર્ણયો લેવાયા છે. તમે મને નથી ઓળખતા ? આ મારી જન્મભૂમિ છે. દિલ્હી હરિયાણા વચ્ચે હું આવેલ છું. મારા નામનું સ્ટેશન પણ છે. ઈ. સ. ૩૫૦૦ વર્ષ પહેલાં મેં જન્મ લીધો અને આજે પણ છું. આજ સુધીમાં ભારતવર્ષ કોનુ ? એ માટે મારા પર પાંચ ભયંકર આફતો આવી છે. આ આફતો દેશને દઝાડી ગઈ. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે હવે મારા પર આવી આફતો ન આવે. તમે પણ મારી કથની સાંભળી પ્રાર્થના કરજો.

ઈ. સ. પૂર્વે ૩૫૦૦ વર્ષ પહેલાંના ભૂતકાળનો ચોપડો ખોલું છું : ભીષ્મની પ્રતિજ્ઞા, ભીમનું બાહુબળ, અર્જુનનું ગાંડીવ, સહદેવનું ત્રિકાળજ્ઞાન, શકુનિની કપટવિદ્યા, દુર્યોધનનું અભિમાન, કર્ણ ll દાનશીલતા, શ્રીકૃષ્ણની મુત્સદ્દીગીરી જગતને આંજી રહ્યા હતાં ત્યારે દુર્યોધને પડકાર દીધો વેરને અને પાંડવો સામે પોતાની સેના મારા મેદાન પર ખડી કરી.

સ્વાર્થની એ સમયની પૂરી વાર્તા તમે મહાભારતમાં વાંચી લેજો, પણ વેર ને સ્વાર્થે જન્મ દીધો યુદ્ધને. આ મેદાનમાં ૧૮ અક્ષૌહિણી સેના ખડી થઈ. સગા સગાને જોઈ અર્જુનને વિષાદ થયો. શ્રીકૃષ્ણે કર્મના સિદ્ધાંત પર ઉપદેશ આપ્યો તે ગીતા ને આ યુદ્ધ અઢાર દિવસ ખેલાયું એ મારા હૃદય પર આ પહેલો ઘા આ ભયકર દિવસો કેમ ભુલાય ?

વર્ષો વીત્યાં, કાલચક્ર ફર્યું અને આવ્યું. રાજપૂતોનું રાજ્ય. ઈર્ષા અદેખાઈ વેર અને કુસંપે ઘર ઘાલ્યા હતાં. ભારતવર્ષમાં હિંદવાસીઓમાં રાજપૂત હતો એનો અદ્વિતીય નમૂનો. ભારતવર્ષની જાહોજલાલી જગતભરમાં વખાણાતી હતી. અહીંની સમૃદ્ધિ પરદેશીઓને પણ લલચાવતી હતી. મોટા મોટા રાજવીઓ પોતાનો રાજ્યવિસ્તાર વધારવાની હરીફાઈમાં પડયા હતા ને મહમૂદ ગઝની ભારતવર્ષની સમૃદ્ધિ ને દોલત લૂંટવા લલચાયો તથા ભારતવર્ષ પર એક પછી એક સત્તર ચડાઈઓ કરી, અઢળક દોલત લૂંટીને ગઝનીને શણગાર્યું ને છેલ્લે સોમનાથ પર ચડાઈ કરી સોમનાથ લૂંટયું, મૂર્તિ ભાંગીને અઢળક દોલત લઈ ગઝનીને સમૃદ્ધ બનાવ્યું. કાલચક્ર ફરે છે ને દિલ્હીની ગાદીના વારસદાર થવા પૃથ્વીરાજ ને જયચંદ રાઠોડ એ સગા માસિયાઈ ભાઈ વૈરી બન્યા. ભોળો ભીમ પણ હરીફ બન્યો ને પૃથ્વીરાજનો દ્વેષી બન્યો. એ બળતામાં ઘી હોમાયું. પૃથ્વીરાજે સંયુક્તાનું અપહરણ કર્યું ને રાજપૂત રાજાઓએ એકબીજાની સત્તા ઓછી કરવા પ્રયત્ન કર્યો તથા હિંદની રાજસત્તા નબળી પડી. વૈરરૂપી ઊધઈને કાપવા ઝંઝાવત–સમો શાહબુદ્દીન ઘોરી દિલ્હી પર ચડી આવ્યો. અનેક વખત પૃથ્વીરાજના હાથે હાર ખાવા છતાં એ દિલ્હીને નિશાન બનાવી લડયો ને છેવટે રાજપૂત રાજવૃક્ષ પડયું, દિલ્હીમાં મુસ્લિમ સત્તા આવી. મારા હૃદય પર કપરો ઘા પડયો. હવે ઓળખાણ પડી ?

હવે આવે છે મારા ત્રીજા યુદ્ધની વાત. રાજપૂતાઈ અસ્ત થઈ. મુસલમાની રાજ્યનો સૂર્ય ઊગ્યો. ગુલામ ખીલજી તઘલખ સૈયદ ને લોદી એમ પાંચ વૃક્ષો દિલ્હીના તખ્ત પર ફાલ્યાં ને ફૂલ્યાં તથા કરમાયાં. લોદી વંશના છેલ્લા પાદશાહના નસીબે હતો અપયશ. આલમખાન ને દોલતખાને બાબરને



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નોતર્યો હિંદ જીતવા અને ખેલાયો ભીષણ સંગ્રામ પાદશાહ ઈબ્રાહીમ લોદી ને બાબર વચ્ચે. મારા શરીર પર વધુ એક જખમ થયો ને મુઘલોનાં નસીબ ચઢિયાતાં. ઈબ્રાહીમ લોદી રણમાં રોળાયો ને બાબર વિજેતા બન્યો.

નખાયા દિલ્હીમાં મુઘલ રાજ્યના પાયા ને પુત્ર માટે પ્રાણ પાથરી બાબર સ્વર્ગે સિધાવ્યો અને આવ્યા દિલ્હીના તખ્તે હુમાયુ ને અકબરશાહ. બહેરામખાનનાં બળ ને છળકપટે અકબર પગભર થયો ને આદિલશાહ સૂરના પ્રધાન હેમુ વિક્રમાદિત્ય ને બહેરામનાં સૈન્ય મારા પર સામસામે મળ્યાં. હેમુનો થયો નાશ ને અકબરનું રાજ્ય બન્યું નિષ્કંટક. આ મારા દેહ પર ચોથો વજ્રાઘાત.

મુઘલ સલ્તનતનો સૂર્ય મધ્યાહ્ને આવ્યો અકબર જહાંગીર અને શાહજહાંના સમયમાં. એ હિંદનો સુવર્ણકાલ. જેટલી ચડતી થઈ તેટલી જ પડતી પણ થઈ ને મધ્યાહ્ન ઊતરતે દિલ્હીના તખ્તે આવ્યો ઔરંગઝેબ. શિવાજીએ પ્રગટાવ્યો વિંધ્યાચલ મધ્યે મરાઠી સત્તાનો દીપ કે જેનો ફેલાવો થયો પાદશાહોની પાદશાહત સુધી ને છેલ્લે શિવાજીના અષ્ટપ્રધાનનો વડો પેશ્વા શાહુ પાસેથી પેશ્વાઈ પાઘડી બંધાવી વિજયી બન્યો તથા પેશ્વાએ પૂનામાં ગાદી સ્થાપી ને મરાઠા સંઘને એક તાંતણે બાંધી સમસ્ત ભારતવર્ષમાં મરાઠી સામ્રાજ્યનો ઝંડો લહેરાવ્યો ને અટકના દરવાજે ભગવો ઝંડો લહેરાવ્યો. હવે મારા પર છેલ્લો ઘા પડવાની સાલ નજીક આવી રહી હતી. પેશ્વા સરદારોમાં અંદરોઅંદર ફાટફૂટ પડી, વેરદ્વેષ વધ્યાં ને સ્વાર્થે આધિપત્ય મેળવ્યું પેશ્વાના સરદારોના હૃદય પર. ત્યાં તો નાદીરશાહનો સરદાર બીજો નાદીર બનવાના સ્વપ્નામાં રાચતો પૂનમના જુવાળ–સમો હિંદ પર આવ્યો ને પંજાબથી દિલ્હી સુધી પોતાનાં થાણાં બેસાડયાં. રાઘોબા ઝાલ્યો ન રહ્યો, દિલ્હી સર કર્યું ને ઉખેડી નાખ્યાં પંજાબનાં. અહમદશા અબ્દાલીનાં થાણાં ને ઠેઠ અટકે જઈ શિવાજી મહારાજનો ભગવો ઝંડો રાખ્યો તથા અફઘાનોને અટકની પેલે પાર તગેડી મૂકયા. અબ્દાલી ફરી હિંદ કોનું એ નક્કી કરવા પાછો વાવાઝોડાની જેમ ચડી આવ્યો મરાઠાઓ પર. સદાશિવરાવ અને વિશ્વાસરાવની સરદારી નીચે મરાઠાઓ પણ અબ્દાલીને પાઠ ભણાવવા ને હિંદમાંથી હાંકી કાઢવા દિલ્હી સર કરી, મારા મેદાન પર અબ્દાલીને માપી લેવા એકત્ર થયા. મરાઠા સૈન્ય શોણિતભીનું થયું ને મારા હૃદય પર પાંચમો ઘા પડયો. અંદરોઅંદરના મતભેદે મરાઠાઓ હાર્યા ને તુર્કો વિજયી થયા, પણ અબ્દાલીને આ વિજય એટલો મોંઘો પડયો કે જીવ્યો ત્યાંસુધી હિંદ પર આવવાની હામ ન ભીડી. હિંદ–વિજયનો ઉત્સાહ ઓસરી ગયો. મરાઠા હાર્યા. દક્ષિણની શક્તિશાળી પ્રજા ને સર્વોપરિ પેશ્વા હાર્યા. આ પણ મેં અનુભવ્યું. હવે વધારે શું કહું ? મારી ઉપર પાંચ પાંચ મહાયુદ્ધો ખેલાયાં. હવે મને ઓળખ્યું ને ?

"જેટલા છે વેદ તેટલા છે મારા નામના અક્ષર. પહેલા ને બીજા અક્ષરથી નામ બને ત્યારે હું બનું જળ કે વારિ. પહેલા ને ત્રીજા અક્ષરને વળગનાર પ્રભુકોપ વહોરી લે છે. ચોથો ને ત્રીજો અક્ષર મળી બને છે પ્રાચીન ઋષિમુનિઓનું ધન. હવે તમે મને ઓળખી ગયા ને ? હું છું "પાણીપત" ને મારું બીજું નામ છે 'કુરુક્ષેત્ર'.

ઠે. વાણિયાશેરી, જામકંડોરણા–૩૬૦૪૦૫

□



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્યામજી વર્માનું વસિયતનામું

**શ્રી. ધનજી ભાનશાલી, 'કડક બંગાલી'**

ભારતીય આઝાદીના આદ્ય ક્રાંતિવીર અને કચ્છી સપૂત પં. શ્યામજી કૃષ્ણ વર્મા (૧૮૫૭–૧૯૩૦)ની ૪ થી ઓકટોબરે ૧૩૭ મી જન્મજયંતી ઊજવી એના અનુસંધાનમાં ફરીથી એક વાર એમનાં કાર્યોને મૂલવવાનું યોગ્ય થઈ પડશે.

ભૂલા ભણસાલીને સંસારમાં બે સંતાનો મળ્યાં : પંડિત શ્યામજી અને દીકરી ડાહીબાઈ. ડાહીબાઈને મોડકૂબે પરણાવેલાં, પણ એમના પતિ જુવાન વયે નિઃસંતાન ગુજરી ગયેલા અને થોડાં વરસો પહેલાં ડાહીબાઈ પણ ગુજરી ગયાં. બીજી બાજુ પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા પણ નિઃસંતાન ગુજરી ગયેલ. એમણે કોઈ બાળકને દત્તક ન લેતાં સમગ્ર હિંદની પ્રજાને દત્તક લીધેલ.

અત્યાર સુધી એમ કહેવાતું અને લખાતું આવ્યું છે કે પંડિત શ્યામજીએ જીનિવામાં પોતાની હયાતીમાં વસિયત યાને વિલ કરેલું હતું, પરંતુ, હવે એ સ્પષ્ટ રીતે જાણી શકાય છે કે એમણે પોતાની હયાતીમાં કોઈ વસિયત કરેલ નથી, પરંતુ એમનાં ગં.સ્વ. વિધવા પત્ની ભાનુમતી વર્મા કે પેરિસની ભાષામાં કહીએ તો મેડમ ક્રિશ્ના વર્માએ પોતાની હયાતીમાં વસિયતનામું કરેલ હતું, જેની જોગવાઈઓ મુજબ 'ક્રિશ્ના વર્મા ફાઉન્ડેશન' ઊભું કરવામાં આવેલ. આ ફાઉન્ડેશન દ્વારા પેરિસ યુનિવર્સિટીમાં જે વ્યવસ્થા કરવામાં આવી હતી તેનું તા. ૧/૨/૧૯૩૬ ના રોજ 'ડીડ' બનાવવામાં આવેલ અને એ ડીડ મુજબ અમલ કરવા માટે સરદારસિંહ આર. રાણા અને શ્રી. જ્યૉર્જ હેસ નામની બે વ્યક્તિઓની નિમણૂક કરવામાં આવેલ. મૂળ ફ્રેંચ ભાષામાં થયેલ આ ડીડના પત્રવ્યવહારની ૧૯૮૦ ની સાલમાં ડૉ. ગણેશીલાલ વર્માને નકલ મળેલ, જેનું અંગ્રેજીમાં ભાષાંતર અહીં થયેલ તે અંગ્રેજી ભાષાંતરની એક નકલ મૂળ કચ્છના, પણ મુંબઈસ્થિત જાણીતા કાર્યકર શ્રી મંગલ ભાનુશાલીએ મને ઉપલબ્ધ કરાવતાં, આભાર સહ, એ ડીડની મુખ્ય મુખ્ય જોગવાઈઓનો અભ્યાસ કરવાની તક મળી છે.

૧ : મેડમ ક્રિશ્ના વર્માની વસિયતના આધારે 'ક્રિશ્ના વર્મા ફાઉન્ડેશન' માટે થયેલ ડીડના અમલ માટે પેરિસના ચાર્લ્સ ફ્લોકવેટ એવન્યૂ નં. ૪૦ ખાતે રહેતા સરદારસિંહ આર. રાણા અને સ્વિત્ઝર્લેન્ડમાં જીનિવા ખાતે લીઓનગાર્ડ નં, ૧૪ એવન્યૂ ખાતે વકીલાત કરતા જ્યૉર્જ હેસને 'પાવર ઑફ એટૉર્ની' આપવામાં આવેલ હતું, એ મુજબ જીનિવામાં વિલિયમ ફાવરે નં. ૨૬ એવન્યૂ ખાતે રહેતાં હતાં તે મેડમ ક્રિશ્ના વર્માએ કે જેઓ ૨૩/૮/૧૯૩૩ ના રોજ જીનિવા મધ્યે ગુજરી ગયાં હતાં તેમણે કરેલ વસિયતની જોગવાઈ મુજબ ફાઉન્ડેશનની શરતો માટે થયેલ ડીડના અમલ માટે અરજી કરવામાં આવેલ, તેમાં થયેલ ઉલ્લેખ મુજબ તા. ૨૨/૮/૧૯૩૩ નહિ, પણ તા. ૨૩/૮/૧૯૩૩ ના રોજ મેડમ ક્રિશ્ના વર્માનું નિધન થયેલ છે. આ ઘટસ્ફોટ અગત્યનો છે.

૨ : આ ફાઉન્ડેશન દ્વારા મેડમ ક્રિશ્ના વર્માએ ઇચ્છા વ્યક્ત કરી છે કે ભારતીય સંસ્કૃતિ, સ્ત્રી-બાળકોનાં કલ્યાણ, જાહેર સ્વાસ્થ્ય, ટેકનોલૉજી માટે હિંદથી, ખાસ કરીને મુંબઈ પ્રેસિડન્સીમાંથી, આવતાં બાનુઓ તેમજ જુવાન હિંદીઓને લાભ આપવો. આ માટે એમણે ૯૦,૦૦૦ સ્વિસ ફ્રાંકની રકમ નક્કી કરી નિભાવ માટે જાહેર કરેલ હતી, જેની અન્ય શરતો નીચે પ્રમાણે પણ છે :



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**જનરલ શરતો :**

૧. આ સ્કૉલરશિપ મેળવવા માટે ઇચ્છતા ભારતીયે પ્રથમ મુંબઈ કમિટી પાસેથી પસંદ થઈ એનું લિસ્ટ પૅરિસની આ ઈન્સ્ટિટ્યૂટ કે જે પૅરિસ યુનિ.-સંલગ્ન છે, ત્યાં મળ્યેથી, એમાંથી અંતિમ પસંદગી કરી સ્કૉલરશિપનો હુકમ આપવાનો હતો.

૨. મુંબઈ કમિટીએ મોકલેલ લિસ્ટમાંથી અંતિમ પસંદગી કરવી.

૩. અંતિમ પસંદગી પામેલ ઉમેદવાર જ ટ્રસ્ટનો લાભ લઈ શકશે.

૪. મુંબઈથી પૅરિસ સુધીની સફરનું ખર્ચ મુંબઈ કમિટી ભોગવે અને એનું વળતર પૅરિસ યુનિ. આ રકમમાંથી કરશે.

૫. ત્રણ વરસ કરતાં વિશેષ મુદત માટે કોઈને પણ સ્કૉલરશિપ મળશે નહિ

આ ડીડની અન્ય જોગવાઈઓ છે કે

**આર્ટિકલ-૧ :** મુંબઈ કમિટીએ ભલામણ કરેલ અને આખરી પસંદગી પામેલ આવા ભારતીયો માટે ૯૦,૦૦૦/- નેવુ હજાર સ્વિસ ફ્રાંક યુનિ.ને આપવા.

**આર્ટિકલ-૨ :** દસ વર્ષ સુધીમાં જો સ્વિસ કાયદા મુજબ ક્રિશ્ના વર્માના કાનૂની વારસદારો આગળ ન આવે તો આ મુજબ એ રકમ 'ક્રિશ્ના વર્મા ફાઉન્ડેશન'ના નામે યુનિ.માં રાખવાની હતી.

**આર્ટિકલ-૩ :** રાષ્ટ્રિય શિક્ષણ-નીતિનું ખાતું, આ ડીડના લખાણને પૅરિસના ગૅઝેટમાં પ્રસિદ્ધ કરાવવું.

આ ડીડની શરતોનો કોઈ લાભાર્થી ભંગ કરશે તો એની પાસેથી મુંબઈથી પૅરિસના મુસાફરી-ખર્ચ સિવાયની રકમ સ્કૉલરશિપમાંથી ફોર્ફિટ કરવામાં આવશે.

આ સ્કૉલરશિપને 'માનભરી ઉધાર' ગણવામાં આવશે અને જ્યારે શક્ય બને ત્યારે લાભાર્થીએ યુનિ.ને પરત કરવાની થશે.

આ ફાઉન્ડેશનના આવકજાવકના હિસાબો પૅરિસ યુનિ.ના વાર્ષિક અહેવાલમાં દર્શાવવાના રહેશે.

એમના કાયદેસરના વારસ જો આ ડીડને કૅન્સલ કરાવે તો આ ફાઉન્ડેશનની જોગવાઈ રદબાતલ ગણાશે.

આ ફાઉન્ડેશનની રકમ ભારતીય વિદ્યાર્થીઓના નિભાવ માટે જ વાપરી શકાશે.

મુંબઈસ્થિત કમિટી માટે ૨૫૦૦ ફ્રાંકથી વિશેષ રકમ નિભાવ માટે વાપરી શકાશે નહિ અને કમિટીના સભ્યોને કોઈ પગાર અપાશે નહિ.

કોઈ સંજોગોમાં મુંબઈ કમિટી પૅરિસ સુધી જવાની રકમ ન આપી શકે તો એની માગણી લાભાર્થી પાસેથી કરી શકાશે નહિ.

અગર જો પૅરિસ યુનિ. આ ફંડની રકમ વાપરી ન શકે કે એવી રુચિ દાખવે નહિ તો રાણા અને હેસના મૃત્યુ પછી ૨૦ વર્ષ બાદ એ ફંડ મુંબઈ હૉસ્પિટલને તબદિલ કરવી.

**ડીડની સોંપણી :**

(અ) રાણા અને શ્રી. હેસ એનો અમલ કરાવે.

(બ) આ ફાઉન્ડેશનનો અમલ સ્વિસ કાયદા મુજબ કરવો.

આ ડીડનો કામચલાઉ સ્વીકાર પૅરિસ યુનિ.ના એ સમયના કાઉન્સિલના પ્રમુખ શ્રી કૅમિલે આર્ટરલી કે જેઓ સારબોન નજીક રોડ નં. ૫ માં રહેતા હતા તેમણે કરેલ અને ૯૦,૦૦૦/- સ્વિસ



For Private and Personal Use Only

ફ્રાંકની રકમ પૅરિસની બૅન્કમાં ૪½ ના વ્યાજે મૂકવામાં આવી હતી. વ્યાજથી મળતી રકમ પૅરિસ યુનિ ની ગણવી.

આમ, આ ડીડની મુખ્ય મુખ્ય જોગવાઈઓ આપણે જોઈ, જે મુજબ પતિની ઇચ્છા પ્રમાણે મૅડમ ક્રિશ્ના વર્માએ ખાસ જોગવાઈઓ કરી છે. ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ તથા બાળકો અને સ્ત્રીઓનાં સ્વાસ્થ્ય અને કલ્યાણની જોગવાઈ ખાસ ધ્યાન ખેંચે છે.

ઉપર બતાવેલ શરતો મુજબ, પંડિતજીના કોઈ વારસોએ દાવો ન કરતાં આ ડીડ ૧૯૪૩ પછી ત્યાં રજિસ્ટર્ડ કરાવવામાં આવેલ અને ૯૦,૦૦૦/- ફ્રાંકની રકમ સોંપવામાં આવેલ તેમજ સંસ્કૃતનાં ૩૧૫ અલભ્ય પુસ્તકો પણ પૅરિસ યુનિ.ને આપવામાં આવેલ.

આ ડીડને રજિસ્ટર્ડ કરાવવા માટે તા. ૧/૨/૧૯૩૬ના રોજ પૅરિસના ૧૪ મા નોટરી પાસે ૨૨ ફ્રાંક અને ૫૦ સેન્ટની ફી ભરવામાં આવેલ અને ૬/૨/૧૯૩૬ ના રોજ એ રજિસ્ટર્ડ કરાવવામાં આવેલ.

આમ, આ ડીડથી પંડિત શ્યામજીએ પોતે કોઈ વિલ કરેલ નહિ એનો પુરાવો મળે છે. આ ફાઉન્ડેશનનું હાલનું સરનામુ છે : ડાયરેક્ટર, ઇન્સ્ટિટયૂટ ઑફ ઇન્ડિયન સિવિલાઇઝેશન, સારબોને, નં. ૪૩-૪૫, રૂઅ-એકોલસ, પૅરિસ-૭૫૦૦૫ છે.

પરંતુ, શું આપણે પંડિતજીનું યોગ્ય સંમાન કરી શકયા છીએ ? એમના જન્મસ્થળને કે જે કાયમી સ્મારક તરીકે છે તેને સારી વ્યવસ્થામાં રાખી શકયા છીએ ?

ઠે. સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોલોની, ભૂજ-૩૭૦૦૦૧

**સંદર્ભ** : (૧) પં. શ્યામજી કૃષ્ણ વર્મા-લે. ધનજી ભાનુશાલી, ભૂજ
(૨) ફ્રેંચ ભાષાના અંગ્રેજી તરજૂમાની નકલ
(૩) શ્રી મંગલ ભાનુશાલી--મુંબઈ

---


# ધી બરોડા સીટી કો-ઓપરેટિવ બૅન્ક લિ.

રજિ. ઓફિસ : સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧

શાખાઓ : ૧. સરદારભવન-જ્યુબિલી બાગ પાસે
૨. પથ્થરગેટ
૩. ફતેહગંજ ચર્ચ સામે
૪. સરદાર છાત્રાલય-કારેલીબાગ
૫. ગોરવા જકાતનાકા પાસે
૬. આર. વી. દેસાઈ રોડ
૭. ગોત્રી રોડ

મૅનેજર : **કાંતિભાઈ ડી. પટેલ**
મંત્રી : **ચંદ્રકાંતભાઈ સુ. પટેલ**

પ્રમુખ : **કીકાભાઈ પટેલ**


---

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કૌટિલ્યકાલીન શાસનવ્યવસ્થા

ડૉ. કાંતિલાલ રા. દવે

ચંદ્રગુપ્ત મૌર્યના રાજનૈતિક જીવનના પથપ્રદર્શક આચાર્ય વિષ્ણુગુપ્ત ચાણક્યનું સ્થાન પ્રાચીન ભારતવર્ષના રાજનીતિજ્ઞોની શૃંખલામાં મુક્તાહારની મધ્યમાં શોભાયમાન મધ્યમણિ-સમાન છે. એમણે તત્કાલીન રાજનીતિને પ્રભાવિત કરવા માટે અને ભવિષ્યની પેઢીઓના માર્ગદર્શન માટે 'કૌટિલીય અર્થશાસ્ત્ર' નામના રાજનીતિના શ્રેષ્ઠ ગ્રંથની રચના કરી છે[1] અને પોતાની એ અતુલનીય અદ્ભુત કૃતિના કારણે ઇતિહાસમાં પણ રાજનીતિના આદિ અને અંતિમ વિદ્વાન હોવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે.[2] ઈસ્વી સન પૂર્વે ચોથી શતાબ્દીના અંતિમ કાલખંડમાં લખાયેલા મનાતા આ ગ્રંથનાં પંદર અધિકરણો અને દોઢસો અધ્યાયોમાં સમાયેલાં છ હજાર સૂત્રોમાં કૌટિલ્યે જાણે કે રાજનીતિનો સાગર ગાગરમાં સમાવી દીધો છે. રાજનીતિને સ્પર્શતાં તમામ પાસાંઓનું સાંગોપાંગ નિરૂપણ કરતા આ ગ્રંથમાં તત્કાલીન રાજતંત્રનું અત્યંત ઝીણવટભર્યું અને વિગતવાર આલેખન કરવામાં આવેલું છે.

કૌટિલ્યકાલીન શાસનવ્યવસ્થામાં રાજાનું સ્થાન સર્વોપરિ અને કેંદ્રસ્થાનીય હતું. રાજ્યસત્તાનો એ મુખ્ય સૂત્રધાર હતો. અર્થશાસ્ત્ર (૮/૧)માં સ્વામી – અમાત્યાદિ સપ્ત – પ્રકૃતિમાં પણ એને 'કૂટસ્થાનીય' માનવામાં આવ્યો છે.

અર્થશાસ્ત્ર (૬/૧)માં રાજાની ગુણસંપત્તિનો ઉલ્લેખ કરી જણાવવામાં આવ્યું છે કે રાજા મહા-કુલીનતા આદિ સોળ આભિગામિક (આંતરિક) ગુણો, શ્રવણ-ગ્રહણાદિ આઠ પ્રજ્ઞાગુણો, શૌર્ય-અમર્ષાદિ ચાર ઉત્સાહગુણો અને વાગ્મિતા પ્રગલ્ભતા વગેરે ત્રીસેક જેટલા આત્મસંપદ્ ગુણોથી યુક્ત હોવો જોઈએ. અહીં સ્વામી ઉપરાંતનાં રાજ્યનાં અન્ય સાત અંગો(સંપદ્)નું પણ નિરૂપણ પ્રાપ્ત થાય છે. અર્થ૦ (૧/૮-૧૦)માં અમાત્ય-સંપદ્ અને (૬/૧)માં જનપદસંપદ્ દુર્ગસંપદ્ કોશ-સંપદ્ દંડસંપદ્ દુર્ગ-સંપદ્ તથા મિત્રસંપદ્ વિશેની વિગતો પ્રાપ્ત થાય છે. આ બધી ચર્ચાના અંતે એમ જણાવવામાં આવ્યું છે કે શત્રુ-સંપદ્ સિવાયની જે સાત સંપદ્ છે તે પોતપોતાના ગુણોથી યુક્ત થઈને એકબીજાની અંગભૂત બનીને રાજા અને રાજાના હિતમાં કાર્ય કરે તેને 'રાજસંપદ્' કહેવામાં આવે છે. આ રાજસંપદ્થી યુક્ત રાજાએ રાષ્ટ્રરક્ષા અને રાષ્ટ્રકલ્યાણ માટે સદા સતર્ક રહી પ્રજાનાં યોગક્ષેમ માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

હા, રાજા આ તમામ જવાબદારીઓ એકલે હાથે વહન કરી શકે નહિ. કૌટિલીય અર્થશાસ્ત્ર-(૧/૭)માં જણાવે છે કે જેવી રીતે રથનું એક ચક્ર બીજા ચક્રની મદદ વિના રથને ચલાવી ન શકે તેવી જ રીતે રાજાને પણ અમાત્ય-આદિ બીજાં ચક્રોની આવશ્યકતા રહે છે. અર્થશાસ્ત્રમાં આવા અનેક પ્રકારના રાજસેવકો, એમની યોગ્યતા તેમ કર્તવ્યોનું વિગતપ્રચુર નિરૂપણ પ્રાપ્ત થાય છે.

કૌટિલ્યના સમયમાં આવા રાજસેવકો પૈકી પ્રધાન મંત્રી અને અન્ય મંત્રીઓ તથા પુરોહિત વગેરે રાજાને સલાહ આપવાનું કાર્ય કરતા હતા, જ્યારે બાકીના રાજસેવકો રાજાને રાજ્યવહીવટમાં પ્રત્યક્ષ રીતે સહાયરૂપ બનતા હતા.

**પ્રધાનમંત્રી :** કૌટિલ્યકાલીન શાસનતંત્રમાં પ્રધાનમંત્રી સર્વોચ્ચ પદાધિકારી હતો. એ મંત્રી-પરિષદના અધ્યક્ષ તરીકે કાર્ય કરતો. અમાત્યોની નિયુક્તિ, ગુપ્તચરોની પસંદગી અને નિમણૂક, વિદેશો સાથેના રાજનૈતિક સંબંધો તથા રાજદૂતોની નિયુક્તિ વગેરે બાબતોમાં એ રાજાને સલાહ આપતો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અર્થશાસ્ત્ર (૧/૮) અનુસારએ કુલીન, સ્વદેશમાં ઉત્પન્ન, વિવિધ કલાઓમાં નિપુણ, સૂક્ષ્મદષ્ટિસંપન્ન, શીઘ્રકાર્યપૂર્તિની ક્ષમતાવાળો, પ્રભાવશાળી પવિત્ર વફાદાર બળવાન ધૈર્યવાન કષ્ટસહિષ્ણુ તથા બીજા અનેક મંત્ર્યુચિત ગુણોથી સંપન્ન હોવો જોઈએ. અર્થ૦ (૧/૮) અનુસાર રાજાએ પ્રત્યક્ષ પરોક્ષ અને અનુમેય એમ ત્રણ રીતે પરીક્ષા કરીને મંત્રીઓની નિયુક્તિ કરવી.

અર્થશાસ્ત્ર (૧/૧૪) અનુસાર મંત્રીપરિષદમાં મંત્રીઓની સંખ્યા પુરુષોનાં સામર્થ્ય અને કાર્યની આવશ્યકતા અનુસાર રાખવી જોઈએ. આ મંત્રીઓ અને પુરોહિત સાથે મસલત કર્યા બાદ જ રાજાએ રાજ્યવ્યવસ્થા ગોઠવવી જોઈએ.

**પુરોહિત :** અર્થ૦ (૧/=૮)માં કૌટિલ્ય જણાવે છે કે રાજાએ શાસ્ત્રોક્ત-વિદ્યાદિગુણસંપન્ન શ્રેષ્ઠ-કુલોત્પન્ન, ષડંગવેદનિપુણ, અથર્વવેદોક્તિકા ઉપાયો દ્વારા રાજ્ય પર આવી પડનારી દૈવીમાનુષી આપત્તિઓના પ્રતીકારમાં સમર્થ બ્રાહ્મણની પુરોહિત તરીકે નિયુક્તિ કરવાનું સૂચવે છે. તત્કાલીન રાજનીતિમાં એ કોઈ ચોક્કસ હોદ્દો ધરાવતો હોય એમ જણાતું નથી, પણ રાજ્યમાં એનું સ્થાન ખૂબ મહત્ત્વપૂર્ણ ગણાતું.

**યુવરાજ :** સામાન્યતઃ જ્યેષ્ઠ રાજપુત્ર આ સ્થાનનો અધિકારી ગણાતો. દેવદત્ત શાસ્ત્રીનું[૪] માનવું છે કે રાજાની હયાતીમાં રાજ્યશાસનનાં વિવિધ વિભાગો અને કાર્યોનો અનુભવ પ્રાપ્ત કરવા માટે પ્રાયઃ એને કોઈ પ્રદેશના સૂબા તરીકે નીમવામાં આવતો હતો. અર્થ૦ (૯/૩) અનુસાર ખાસ સંજોગોમાં યુવરાજને સેનાપતિ તરીકેની જવાબદારી પણ સોંપવામાં આવતી હતી.

**સેનાપતિ :** અર્થ૦ (૨/૩૩) અનુસાર સેનાપતિ અશ્વસેના ગજસેના રથસેના અને પદાતિસેના એ ચારેયનો વડો (કમાન્ડર ઇન-ચીફ) ગણાતો. એ દરેક પ્રકારનાં યુદ્ધો, પ્રહારો, શસ્ત્રાસ્ત્રો, તર્ક, વિદ્યાદિમાં કુશળ હોવો જોઈએ. હાથી ઘોડા અને રથ ચલાવી શકે, શત્રુવ્યૂહ ભેદન સ્વસેનાસંગઠન શત્રુસૈન્યવધ શત્રુદુર્ગવિનાશ કરી શકે, પોતાનું યુદ્ધક્ષેત્ર અને યુદ્ધનો સમય નક્કી કરી શકે તથા આક્રમણ અને સેનાપ્રયાણ વખતે વાદ્ય-ધ્વજ-પતાકાઓ દ્વારા સૈન્યને સંકેતો આપવામાં સમર્થ હોય એ આવશ્યક મનાતું. રાજશાસનમાં એનું સ્થાન સ્વાભાવિક રીતે જ અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાતું.

**સમાહર્તા :** કૌટિલ્યકાલીન વહીવટતંત્રમાં સમગ્ર જનપદનો વડો સમાહર્તા તરીકે ઓળખાતો. અર્થ૦ (૨/૩૫) અનુસાર એ જનપદનું ચાર વિભાગોમાં વિભાજન કરી એના પર 'સ્થાનિક' નામના અધિકારીની અને જનપદનાં પાંચ કે દસ ગામોના ઉપરી તરીકે 'ગોપ' નામના અધિકારીની નિમણૂક કરી એમના દ્વારા સમગ્ર જનપદનો વહીવટ સંભાળતો અર્થ૦ (૨/૩૫) અનુસાર 'ગોપ' અને 'સ્થાનિક'નાં કાર્યાલયોમાં 'પ્રદેષ્ટા' નામનો કંટકશોધન અધિકારી (અસામાજિક તત્ત્વોને વશમાં રાખનાર) રહેતો, જે જનપદનો બંદોબસ્ત જાળવવામાં સમાહર્તાને સહાય કરતો. એ ફોજદારી ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશનો હોદ્દો પણ સંભાળતો. રાજ્યના વિવિધ અધ્યક્ષોની પ્રામાણિકતા અને વફાદારીની પણ સમાહર્તા ગુપ્તચરો દ્વારા તપાસ રાખતો. અર્થ૦ (૨/૩૫) અનુસાર એ દુર્ગ જનપદ ખાણ જંગલ વ્રજ(પાળેલાં પશુઓ) અને વેપારી માર્ગો વગેરે સઘળાં આવકસ્થાનો અને વિવિધ પ્રકારના કર દ્વારા થતી આવક એકત્રિત કરનાર અધિકારી હતો. અર્થ૦ (૨/૬) અનુસાર રાજધનનો સંગ્રહ કરવો, આવક-જાવક વધતી રહે અને વ્યય ઘટતો રહે એવા પ્રયત્નો કરવાની એની જવાબદારી હતી. ગોપ સ્થાનિક અને પ્રદેષ્ટા વગેરે અધિકારીઓના ઉપરી તરીકેની જવાબદારી સંભાળતા સમાહર્તાને ઓછાવત્તા અંશે આજના ગૃહપ્રધાન સાથે સરખાવી શકાય એમ જણાવી શ્રી ઉષા મહેતા અને ઉષા ઠક્કર[૫] ઉમેરે છે કે એની નાણાં-વિષયક જવાબદારીઓ જોતાં એની સરખામણી આજના



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિત્તમંત્રી સાથે પણ કરી શકાય. મને લાગે છે કે સમગ્રપણે વિચાર કરતાં એની સરખામણી કલેક્ટર સાથે કરવાનું વધારે ઉચિત જણાય છે.

**સંનિધાતા :** 'રાજ્યનાં બધાં કાર્યો કોશ પર આધાર રાખે છે' (અર્થ૦ ૨/૮) એ કારણે સંનિધાતા કોશાધ્યક્ષનું પદ ખૂબ જ મહત્ત્વપૂર્ણ ગણાતું હતું. કોશગૃહ પણ્યગૃહ(રાજ્ય દ્વારા વેચાતી વસ્તુઓનું ગોદામ) આયુધાગાર કુપ્યાગાર(વન્ય પેદાશોનું સંગ્રહ-ગૃહ), કોષ્ઠાગાર(ખાદ્ય-પદાર્થોનું ગોદામ) વગેરેનાં નિર્માણ અને જાળવણી એના હસ્તક હતાં. આપત્તિ સમયે કામ લાગે એ માટે મૃત્યુદંડ પામેલા કેદીઓ દ્વારા એ ધ્રુવનિધિ (સ્થાયી કોશગૃહ – જેમાંથી દર વખતે ખર્ચ ન કરાય)નું દેશના મધ્યભાગમાં નિર્માણ કરાવતો. એણે વિશેષજ્ઞોની સહાયથી કોષ્ઠાગારમાં ઉપયોગી હોય તેવી (રત્ન ચંદન વસ્ત્ર કાષ્ઠ ચર્મ વાંસ વગેરે) વસ્તુઓનો સંગ્રહ કરવાનું જરૂરી મનાતું. ચોરનિગ્રહ લાંચરુશ્વતનાબૂદી, રાજધનનું અપહરણ રોકવું, અન્નોત્પાદન અને વેપારી વસ્તુઓના ઉત્પાદનમાં વૃદ્ધિ, કડક કરવસૂલાત તથા રાજ્યનાં વિવિધ ખાતાંઓ દ્વારા થતી આવક વગેરે દ્વારા સતત કોશવૃદ્ધિ થતી રહે એનીયે કાળજી રાખવી પડતી એમ અર્થ૦ (૨/૮)માં જણાવવામાં આવ્યું છે. એણે દેશવિદેશમાંથી થતી આવક, રાજ્યનો ખર્ચ, સિલક વગેરેની માહિતી રાખવા સાથે છેલ્લાં સો વર્ષની આવકની વિગતો પણ સદા તૈયાર રાખવી પડતી એમ અર્થ૦ (૨/૬) જણાવે છે.

**નાગરિક :** અર્થ૦ (૨/૩૬) અનુસાર જનપદમાં જે સ્થાન સમાહર્તાનું હતું તે નગર કે દુર્ગમાં 'નાગરિક'નું હતું. નગરના વહીવટ માટે નગરના ચાર વિભાગ પાડી એના પર નિમાયેલા 'સ્થાનિક' નામના અને અનેક 'ગોપ' નામના અધિકારીઓની મદદથી એ પોતાની ફરજો બજાવતો ગુપ્તચરોની મદદથી વ્યક્તિઓની માહિતી મેળવતો. એ નદી-કૂવા વગેરે જળાશયો, ગુપ્ત માર્ગો, પ્રાકાર (દુર્ગ-દીવાલો) તથા અન્ય રક્ષા-સાધનોની દેખરેખ રાખતો. કાંગલેનું[૬] માનવું છે કે સંભવતઃ રાજવહીવટના શાસ્ત્રમાં 'નાગરિક'નો ખ્યાલ પરવતી છે

**અંતર્વેશિક :** રાજાના અંગરક્ષકોનો અધ્યક્ષ અન્તર્વેશિક તરીકે ઓળખાતો. અર્થ૦ (૧/૨૧) અનુસાર એના હસ્તક એક સૈન્ય હતું. એનું કાર્ય રાજા અને અંતઃપુરનું રક્ષણ કરવાનું હતું.

**દૌવારિક :** અર્થશાસ્ત્રમાં દૌવારિકનો અર્થ દ્વારપાલ થતો નથી. એ રાજમહેલની સુરક્ષા સાથે જોડાયેલા કર્મચારીઓનો અધ્યક્ષ હતો. દૌવારિક અને અંતર્વેશિકની ફરજો વિશે ચોક્કસ વિગતો મળતી નથી, પરંતુ એઓ રાજાના ખૂબ વિશ્વાસુ રાજસેવકો હોવાનું અર્થ૦ (૫/૬) અનુસાર જણાય છે. અહીં એમ જણાવવામાં આવ્યું છે કે રાજા પર કોઈ વિપત્તિ આવી પડે એવા સંજોગોમાં દૌવારિક અને અંતર્વેશિક દ્વારા રાજા દ્વારા કરાવાતાં બધાં કામો કરાવાવામાં આવતાં. અમાત્ય વગેરેની સંમતિથી એઓ રાજાના અપકારીઓ પર કોપ અથવા અનુગ્રહ કરતા અને ઉપકારીઓ પર પ્રસન્નતા દર્શાવતા.

**દુર્ગપાલ અને અંતપાલ :** રાજ્યના આંતરિક ભાગોમાં આવેલા દુર્ગોનો પ્રધાન અધિકારી દુર્ગપાલ કહેવાતો, જ્યારે સીમાંત પ્રદેશોના ખાસ અધિકારી અંતપાલ તરીકે ઓળખાતા. એઓ રાજ્યની પ્રવેશચોકીઓ સાચવતા, અન્ય રાજ્યના નાગરિકો અને માલ પર દેખરેખ રાખતા.

આ ઉપરાંત કારખાનાંઓ પર દેખરેખ માટે કર્માંતિક, જંગલો તથા વિચરતી જાતિઓ પર દેખરેખ રાખવા 'આટવિક', આય-વ્યયાધ્યક્ષ, પૌરવ્યાવહારિક(દીવાની ન્યાયાલયોનો મુખ્ય ન્યાયાધીશ) તથા પ્રદેષ્ટા(ક્રિમિનલ ન્યાયાલયોનો મુખ્ય ન્યાયાધીશ) જેવા અધિકારીઓ પણ પોતપોતાની ફરજો બજાવતા હતા.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**અધ્યક્ષો :** અર્થશાસ્ત્રના 'અધ્યક્ષપ્રચાર' નામના દ્વિતીય અધિકરણમાં કૌટિલ્ય લગભગ ત્રીસેક વિવિધ ખાતાંના અધ્યક્ષોની માહિતી આપે છે, જેમાંનાં કેટલાક અધ્યક્ષો આ પ્રમાણે છે : આકરાધ્યક્ષ (ખાણુના અધ્યક્ષ), સુવર્ણાધ્યક્ષ, લવણાધ્યક્ષ, લોહાધ્યક્ષ, કુપ્યાધ્યક્ષ(જંગલ – અધ્યક્ષ), પણ્યાધ્યક્ષ-(વેપાર – અધ્યક્ષ), આયુધાગારાધ્યક્ષ પૌતવાધ્યક્ષ (માપ – તોલખાતાના અધ્યક્ષ), શુલ્કાધ્યક્ષ(વેરા-અધ્યક્ષ), સૂત્રાધ્યક્ષ (કાંતણ–વણાટ અધ્યક્ષ), સીતાધ્યક્ષ(કૃષિ–અધ્યક્ષ), સુરાધ્યક્ષ (આબકારી વિભાગના અધ્યક્ષ), સૂનાધ્યક્ષ (કતલખાનાના અધ્યક્ષ), ગણિકાધ્યક્ષ(વેશ્યાલયોના અધ્યક્ષ), નાવાધ્યક્ષ (સમુદ્રીય વ્યવસાયના અધ્યક્ષ), ગો–અધ્યક્ષ (પશુવિભાગના અધ્યક્ષ), અશ્વાધ્યક્ષ, ગજાધ્યક્ષ, રથાધ્યક્ષ, મુદ્રાધ્યક્ષ (આયાત–નિકાસ ખાતાના અધ્યક્ષ), દેવતાધ્યક્ષ(દેવાલયના અધ્યક્ષ) અને વિવિતાધ્યક્ષ(ગોચરભૂમિના અધ્યક્ષ) વગેરે.

અર્થ૦ (૨/૯) અનુસાર આ બધા અધ્યક્ષોની મદદ માટે સંખ્યાયક (એકાઉન્ટન્ટ), લેખક (ક્લાર્ક), રૂપદર્શક(મુદ્રાઓનું ખરાખોટાપણું પારખનારા અધિકારી), નીવીગ્રાહક(આયવ્યય બાદ વધેલી સિલકના હિસાબનીશ) અને આ બધા પર દેખરેખ રાખનારા ઉત્તરાધ્યક્ષ નામના અધિકારીઓની નિયુક્ત કરવામાં આવતી હતી.

અર્થ૦ (૨/૫) અનુસાર દરેક ખાતામાં 'યુક્ત' 'ઉપયુક્ત' અને 'તત્પુરુષ' નામના અધિકારીઓની પણ નિયુક્તિ થતી હતી. ખાતાનો વડો 'યુક્ત' તરીકેનો સહાયક 'ઉપયુક્ત' તરીકે ઓળખાતો અને 'તત્પુરુષ' એ નીચલી શ્રેણીના સેવકો હતા. જનપદના ચોથા ભાગના પ્રધાન શાસક 'સ્થાનિક'ના હાથ નીચે 'રાજુક' અને 'પ્રાદેશિક' નામના અધિકારીઓ હતા એમ દેવદત્ત શાસ્ત્રી નોંધે છે. ગામનો મુખ્ય અધિકારી 'ગ્રામિક' તરીકે ઓળખાતો અને એ ગ્રામસંઘના આદેશાનુસાર ગ્રામવ્યવસ્થા સંભાળતો હતો. મહેસૂલ ઉઘરાવવાનું અને ગામનું દફતર રાખવાનું કામ પણ એ કરતો.

આ ગ્રંથમાં શાસનતંત્રના સંચાલનનું જે નિરૂપણ કરવામાં આવેલું છે તે વર્તમાન પ્રણાલીથી ખાસ ભિન્ન નથી. એ સમયે પણ રાજ્યના વિભિન્ન વિભાગોના અધ્યક્ષની નિયુક્તિ કરવામાં આવતી હતી. પોતપોતાના વિભાગની પૂરેપૂરી દેખરેખ રાખવાનું ઉત્તરદાયિત્વ એમનું મનાતું, કિંતુ એઓ પ્રજાજનોનું હિતરક્ષણ કરવાને બદલે પ્રાયઃ રાજહિતમાં રચ્યાપચ્યા રહેતા હતા. એમાં સંદેહ નથી કે લાંચરુશ્વતનું ત્યારે પણ પ્રચલન હતું, આથી કૌટિલ્યે મુખ્ય કર્મચારીઓનું વારંવાર સ્થાનાંતર કરતા રહેવાનું સૂચવ્યું છે. નાણાં–વિભાગ સાથે સંકળાયેલા કર્મચારીઓ ગુપ્ત રીતે થોડું ઘણું પણ રાજ્યધન હડપ ન કરી જાય એ વાત સાથે કૌટિલ્ય સહમત નથી, આથી કૌટિલ્ય પ્રજાજનો માટે જ દંડવ્યવસ્થા કરીને અટક્યા નથી, પરંતુ નિર્દોષને અનુચિત રીતે દંડિત કરનારા અને લાંચ લઈ દોષિતને છોડી મૂકનારા ન્યાયાધીશો પ્રત્યે પણ કઠોર દંડની નીતિ અપનાવી છે. અમાત્યો દ્વારા અપરાધ થતાં એમને પણ દંડિત કરવામાં આવતા હતા. મંત્રીઓ કે રાજકુમારો પણ જો વિરોધી બની જાય તો એમના માટે પણ ઉપાંશુ–વધનું વિધાન હતું. આચાર્ય કૌટિલ્ય તો રાજાને પણ દંડથી પર ગણતા નથી, એમને પણ દોષિત ઠરતાં દંડિત થવું પડતું.[૭]

ભારતીય વિદ્યાઓના પરંપરાગત એવા એક વિદેશી મહાનુભાવે કેવલ એક ગ્રંથ જ નહિ, પણ 'ગ્રંથાગાર' કહીને જેનું બહુમાન કર્યું છે તેવા સદીઓ–પુરાણા ગ્રંથરાજ અર્થશાસ્ત્ર દ્વારા યુગવિધાતા કૌટિલ્યે રાજનીતિ અને રાજપ્રશાસનના ક્ષેત્રે જે અવિસ્મરણીય અને બહુમૂલ્ય પ્રદાન કર્યું છે તેની નોંધ લીધા સિવાય કૌટિલ્યના કડકમાં કડક આલોચકોને પણ ચાલ્યું નથી. એનું કારણ એ છે કે એમાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજનીતિવિષયક જે સિદ્ધાંતો અને મંતવ્યો રજૂ થયાં છે તે આજે લગભગ સવાબે હજાર વર્ષ પછી પણ એટલા જ ઉપયોગી અને ઉપાદેય ગણાવી શકાય તેવાં છે. કૌટિલ્યની રાજનીતિ અને શાસનપદ્ધતિનો માત્ર એક જ શ્લોકમાં સાર આપવો હોય તો કૌટિલ્યના જ શબ્દોમાં આ રીતે આપી શકાય :

प्रजासुखे सुखं राज्ञः प्रजानां च हिते हितम् ।
नात्मप्रियं हितं राज्ञः प्रजानां तु प्रियं हितम् ॥ (અર્થ૦ ૧/૧૬)

અર્થાત્ પ્રજાના સુખમાં જ રાજાનું સુખ અને પ્રજાના હિતમાં જ રાજાનું હિત રહેલું છે. રાજાને પોતાને પ્રિય અને હિતકારક એવું જુદું કોઈ કાર્ય નથી. પ્રજા માટેનાં પ્રિય અને હિતકારક કાર્યો કરવાં એ જ રાજાનું હિત છે.

ઠે. સંસ્કૃત વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦

## પાદટીપ

(૧) ડૉ. કિરણ ટંડન, પ્રાચીન ભારતીય રાજનીતિક, વિચારક(હિંદી), ઇસ્ટર્ન બુક, લિન્કર્સ, દિલ્હી, પ્રથમ સંસ્કરણ, 1988, p. 178
(૨) વાચસ્પતિ ગૈરોલા, સંસ્કૃત સાહિત્યકા ઇતિહાસ, ચૌખંભા વિદ્યાભવન, વારાણસી, પ્રથમ સંસ્કરણ, 1960, p. 523
(૩) સં. દેવદત્ત શાસ્ત્રી, કૌટિલીય અર્થશાસ્ત્ર (હિંદી), કિતાબ-મહલ, ઇલાહાબાદ, પ્રથમ સંસ્કરણ, ભૂમિકા, p. 52
(૪) એજન, પૃ. 58
(૫) ઉષા મહેતા અને ઉષા ઠક્કર, કૌટિલ્ય ઍન્ડ હિઝ અર્થશાસ્ત્ર, એસ. ચંદ ઍન્ડ કમ્પની, લિ., રામનગર, ન્યૂ દેહલી, ફર્સ્ટ એડિશન, 1980, p. 40
(૬) એજન, p. 41
(૭) સં. શ્રી ભારતીય યોગી, કૌટિલ્ય અર્થશાસ્ત્ર (હિંદી), સંસ્કૃતિ સંસ્થાન, ખ્વાજા કિતાબ, બરેલી, પ્રથમ સંસ્કરણ, 1973, p 6-8

---


## વાચકોને અને ગ્રાહકોને વિનંતિ

'પથિક'ના ૧૯૮૪થી છપાયેલા દીપોત્સવી-અંકોની થોડી નકલો સચવાયેલી છે. દરેક નકલની કિં. માત્ર ચાર રૂપિયા છે. પોસ્ટેજના એક રૂપિયો થાય છે. મ.ઓ.થી રૂ. પાંચ મોકલી આપનારને એવો પ્રત્યેક અંક મોકલી આપવામાં આવશે.

૧૯૮૪થી છપાયેલા 'પથિક'ની આખા આખા વર્ષની ફાઇલો તો થતી નથી, છતાં તૂટક ફાઈલો મળી શકે એમ છે. પત્રથી પુછાવતાં કયા કયા વર્ષના કયા કયા અંકો મળે એમ છે એની માહિતી આપવામાં આવશે.

૧૯૭૩-૭૪-૭૫-૭૬ આ ચાર વર્ષોની બાંધેલી થોડી ફાઈલો સ્વ. માનસગજી બારડના સમયની હાથ લાગી છે. એ રૂ. ૩૦/- અને પોસ્ટેજના રૂ. ૫/- મળી રૂ. ૩૫/- મોકલવાથી મળી શકશે.

આ ઉપરાંત નીચેનાં પ્રકાશનો પણ સામે બતાવેલી કિંમતથી સુલભની છે.

૧. કલિયુગના રાજવંશોની પૌરાણિક વાચના (લે. એફ-ઈ પાર્જિટર) રૂ. ૫/-
૨. ગુજરાતને સીમાડે (ઐતિ નવલ, લે. શ્રી. ઠાકરસી કંસારા) રૂ. ૫/-
૩. કચ્છ ઇતિહાસ અને સંસ્કૃતિ (લે. " ) રૂ. ૧૦/-

પોસ્ટેજ પેકિંગનાં રૂ. ૨/- અલગ

તંત્રી


---



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાવનગર રાજ્યમાં સામાજિક ક્ષેત્રે પરિવર્તન*

## (ભાવસિંહજી રાજા-૧૯૮૬ થી ૧૯૧૯ના સમયમાં)

ડૉ. પી. જી. કોરાટ

મુઘલ અને મરાઠા શાસન દરમ્યાન નાનાં નાનાં રજવાડાંઓમાં વહેંચાયેલા સૌરાષ્ટ્ર પર ઈ. સ. ૧૮૦૭ થી ૧૮૨૨ના સમય દરમ્યાન બ્રિટિશ સર્વોપરિતાની સ્થાપના થઈ. આ સાથે બ્રિટિશ પોલિટિકલ એજન્ટની દેખરેખ હેઠળ સૌરાષ્ટ્રમાં રાજકીય અરાજકતા નાબૂદ કરવામાં આવી અને દેશી રજવાડાંઓના વહીવટીતંત્રને વ્યવસ્થિત કરવાની શરૂઆત પણ થઈ.[1] થોડા જ સમયમાં સૌરાષ્ટ્રનાં રૂપરંગ બદલવા લાગ્યાં. રાજકીય પરિવર્તન અને સ્થિરતાની સામાજિક પરિવર્તનના ઢાંચામાં તેમજ સામાન્ય જનજીવન ઉપર ગાઢ અસરો થઈ. લોકો માટે શાંતિ સલામતી અને યુરોપમાં કેટલાંક દેશોમાં પ્રચલિત એવી ઉદારમતવાદી અને ઉપયોગિતાવાદી વિચારસરણી કામ કરી રહી હતી. સૌરાષ્ટ્રમાં વહીવટી આર્થિક સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે ફેરફારની ઘરીઓ ફરવા લાગી. કાઠિયાવાડ ઈલાકાના પ્રથમ વર્ગનાં રાજ્યોમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવતા ભાવનગર રાજ્યે[2] આ પરિવર્તનનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો.

૧૯ મી સદીનાં અંતિમ વર્ષોમાં મહારાજા ભાવસિંહજી ભાવનગરની ગાદીએ આવ્યા. એઓ વિચક્ષણ પુરુષ હતા. રાજ્યવહીવટમાં પરિવર્તન અર્થે એઓએ ગાદીએ આવતાં જ પ્રયાસો આરંભ્યા.[3] એમના ૨૩ વર્ષના શાસનકાલ દરમ્યાન (૧) છપ્પનિયો દુકાળ સં. ૧૯૫૬ (સન ૧૯૦૦), (૨) પ્લેગનો રોગચાળો (૧૯૦૩) અને (૩) પ્રથમ મહાયુદ્ધ (૧૯૧૪) આ ત્રણ મહત્ત્વની ઘટનાઓ ઘટી, જેણે ૨૦ મી સદીના પ્રારંભિક દાયકાઓમાં ભાવનગર રાજ્યના સામાજિક પરિવર્તન અને વિકાસમાં કેન્દ્રવર્તી ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત મહારાજા ભાવસિંહજી અને એમનાં પત્ની મહારાણી નંદકુંવરબાના નૂતન અભિગમ, ઉદાર દષ્ટિકોણ અને કલ્યાણલક્ષી નીતિના અમલથી ૧૯ મી અને ૨૦ મી સદીનો સંધિકાલ ભાવનગર રાજ્યમાં સામાજિક પરિવર્તનની બાબતમાં સીમાચિહ્નરૂપ બની રહ્યો હતો. ભાવનગર શહેર અને રાજ્યે શહેરીકરણ અને આધુનિકીકરણ તરફ હરણફાળ ભરી. એક રીતે જોઈએ તો મહારાજા ભાવસિંહજીના સમયમાં જ ભાવનગર 'આદર્શ' રાજ્ય' બન્યું હતું.

### સામાજિક ક્ષેત્રે આવેલાં પરિવર્તનો :

(૧) મહારાજા ભાવસિંહજી ગાદીએ આવ્યા બાદ ૨૦ મી સદીના પ્રારંભથી જ એક મહત્ત્વનું પરિવર્તન એ આવ્યું કે શાસનતંત્રમાંથી નગર–અધિકારીઓનું જૂથ તેમ વર્ચસ ઘટવા લાગ્યાં. ગરાસિયા કાઠી વગેરે કોમોને નોકરીઓમાં પસંદગી મળવા લાગી, આથી આ વર્ગના લોકોનો સામાજિક દરજ્જો ઊંચે ગયો. નોકરીની આવકે એમના જીવનધોરણમા મહત્ત્વપૂર્ણ ફેરફારો કર્યા. આ વર્ગના લોકોમાં રાજ્યવહીવટની કળા અને સાહજિક બુદ્ધિની તીવ્રતા ન હોવાથી રાજ્યતંત્રમાં કેટલીક ખામીઓ પ્રવેશી. આ ઉપરાંત વજીરનો હોદ્દો કાઢી નાખવામાં આવ્યો, જેના સ્થાને ખાનગી સચિવ રાખવાની પ્રથા શરૂ થઈ. અંગરક્ષણે હવે એ. ડી. સી.(અંગત મંત્રી)ના નામે ઓળખાવા લાગ્યા. હજૂરી મંડળની લોકોમાં ઝાઝી કિંમત રહી નહિ.

---

* વિશ્વવિદ્યાલયના અનુદાન આયોગની સહાયતાથી ઇતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર ખાતે તા. ૧૪ માર્ચથી તા. ૧૭ માર્ચ, ૧૯૮૯ દરમ્યાન યોજાયેલ પરિસંવાદમાં રજૂ થયેલ સંશોધન લેખ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨) મહારાજા ભાવસિંહજી ઉત્તમ ચારિત્ર્યવાન હોઈ ચોરી કરનાર, દારૂ પીનાર અને વ્યભિચાર સેવનાર ઉપર બહુ કરડી નજર રાખતા અને આ પ્રકારનો ગુનો કરનાર ગમે તેવા ચમરબંધીને પણ શિક્ષા કરતાં અચકાતા નહિ. મુખ્ય અધિકારીઓને એઓ હંમેશાં મુલાકાત આપતા. ડિસ્ટ્રિકટમાં નીકળતા ત્યારે મહાલોના વહીવટદાર, થાણદાર અને ફોજદાર જેવા અધિકારીઓને વારંવાર બોલાવી લોકોનાં સુખદુઃખની વાતો પૂછતા. મહાજનોના આગેવાનોને પણ ખાનગી મુલાકાતો આપી નાની-મોટી વાતોથી વાકેફ રહેતા. શિકારની સહેલગાહે નીકળતા ત્યારે ગામડાંના ખેડૂતો તથા અન્ય વર્ગના લોકોની સાથે ખૂબ જ હળતા-મળતા અને એઓનાં સુખદુઃખની વાતો સાંભળતા. આ પ્રકારનાં વર્તન અને વ્યવહારથી મહારાજા ભાવસિંહજી સમાજના દરેક વર્ગના લોકોનો પ્રેમ સંપાદિત કરી શકયા હતા. તમામ સ્તરના લોકોનો સર્વાંગી ઉત્કર્ષ થાય એ માટે જ એઓ પ્રયત્નશીલ રહેતા.[૪] એઓના આ વલણે લોકજાગૃતિ ઊભી કરવામાં પાયાની ભૂમિકા ભજવી હતી.

(૩) ઈ. સ. ૧૯૦૫ પછી મહારાણી નંદકુંવરબાએ પણ ભાવનગર રાજ્યમાં સામાજિક જાગરૂકતા કેળવવા પ્રશસ્ય પ્રયાસો કર્યા હતા. સુઘડ ચારિત્ર્ય, આધુનિકતા અને વિવિધતા તેમજ ઉચ્ચ મૂલ્યોનો યોગ્ય સમન્વય સાધવા સ્ત્રીકલ્યાણ અને ઉત્કર્ષનાં કેટલાંય કાર્યોમાં એઓ યશોભાગી બની રહ્યાં હતાં. ઈ. સ. **૧૯૧૩-૧૪ માં** એમના પ્રયાસોથી **'ગુજરાત-હિંદુ સ્ત્રી મંડળ'**ની એક શાખા ભાવનગરમાં સ્થાપવામાં આવી. આ મંડળ દ્વારા **પ્રૌઢ** અને **નિરક્ષર** બહેનોને **અક્ષરજ્ઞાન, મહિલાઉદ્યોગ, પુસ્તકાલય,** ઉત્સવ, **મેળાવડા** વગેરે પ્રવૃત્તિઓ શરૂ થતાં સ્ત્રીસમાજમાં ચેતના અને જાગૃતિ આવ્યાં; જોકે મહારાણી નંદકુંવરબાના અવસાન પછી આ પ્રવૃત્તિઓ ઘણી જ મંદ પડી ગઈ.[૫]

**૧૯૫૪-૫૫ માં** ભાવનગર શહેરમાં શરૂ થયેલ **રેડક્રોસની** વિવિધ પ્રવૃત્તિઓમાં મહારાણી નંદકુંવરબાએ નિષ્ઠાપૂર્વકનો રસ દાખવ્યો હતો. શીતળા મેલેરિયા અને અન્ય ચેપીરોગ, સાતમના દિવસે ટાઢું ખાવાની પ્રથા વગેરે સામે જેહાદ અને લોકજાગૃતિ કેળવવામાં સંસ્થાના પ્રણેતા શ્રી ફરામજીભાઈ કોચ-બિલ્ડરના નેજા તળે રેડક્રોસ સોસાયટીએ મહત્ત્વનું કાર્ય કર્યું હતું.

ભાવનગર શહેર અને રાજ્યની સ્ત્રીઓની પ્રસૂતિના સમયે યોગ્ય સારવાર અને સારી માવજત મળી રહે એવા શુભ હેતુથી **ફેબ્રુઆરી, ૧૯૧૬ માં** મુંબઈ પ્રાંતના ગવર્નર લોર્ડ વિલિંગ્ડનના હસ્તે **'ગોપનાથ મેટર્નિટી હોસ્પિટલ'** નામનું પ્રસૂતિગૃહ ખુલ્લું મૂકવામાં આવ્યું. આ જ મહિનામાં અનાથ અને નિરાધાર બાળકો માટે **'નંદકુંવરબા ઓર્ફનેજ'** નામની સંસ્થા શરૂ કરવામાં આવી. ઈ. સ. **૧૯૧૬** ના માર્ચ મહિનામાં **'સ્ત્રી-આરોગ્ય સંસ્થા'**ની સ્થાપના કરવામાં આવી. આ ઉપરાંત મહારાણી નંદકુંવરબાએ રાજપૂત સ્ત્રી-સમાજ રૂઢિઓ કુરિવાજો વહેમો અને અંધશ્રદ્ધા જેવાં દૂષણોમાંથી મુક્ત થાય તેમજ રાજપૂત કન્યા કેળવણીનાં મૂલ્યો ધરાવતી થાય, એ જ્ઞાન પ્રાપ્ત કરે એવા હેતુસર ઉદાર સખાવતથી 'શ્રીનંદકુંવરબા રાજપૂત કુમારિકા ઝનાના બોર્ડિંગ વિદ્યાલય'ની સ્થાપના કરવામાં આવી. શહેરની મધ્યમાં રાજપૂત જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે 'શ્રીનંદકુંવરબા રાજપૂત વિદ્યાલય'ની પણ સ્થાપના કરવામાં આવી.[૬] આ સંસ્થાઓના દરેક પ્રકારે ઉન્નતિ અને વિકાસ થાય એ માટે એઓ ખાસ કાળજી અને લક્ષ આપતાં હતાં.

'ભાવનગર વૉર હૉસ્પિટલ', 'બ્રિટિશ અને હિંદી વિક્રમ' નામનું અઠવાડિક પત્ર, **'વિક્રમનું** બચ્ચું' નામનું પોસ્ટકાર્ડ, 'શ્રીમહારાણી નંદકુંવરબા વૉર લોન લૉટરી', 'જાયન્ટ લક્ષ્મી બેગ' નામના નાણાકીય અધિકૃત પત્રો વગેરે પ્રવૃત્તિઓ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલાં હતાં.[૭] મહારાણી નંદકુંવરબાએ 'લેડી વિલિંગ્ડન મેમોરિયલ ફંડ'માં રૂ. **એક લાખનું** દાન આપ્યું હતું.[૮] કન્યાઓને સંગીતશિક્ષણ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માટે ઉપયોગી એવું **'સંગીત બાળપોથી'** પુસ્તક તૈયાર કરાવ્યું.[૯]

મહારાણી નંદકુંવરબા સ્ત્રીસમાજનાં દૂષણોને દૂર કરવા હંમેશા પ્રયત્નશીલ રહ્યાં હતાં ભાવનગર રાજ્યમાંથી સ્ત્રીઓ માટેની ઘૂંઘટ કે પડદાની પ્રથાનો અંત લાવવા એઓએ પ્રયાસો કર્યા હતા. એક મેળાવડામાં અધ્યક્ષસ્થાનેથી બોલતાં એમણે કહ્યું હતું કે "સ્ત્રીઓ, તમે પડદો છોડજો, પરંતુ તમારી મર્યાદાનો ત્યાગ કરશો નહિ લાજ કાઢવાનુ છોડી દેજો, એમાં વાંધો નથી, પરંતુ હિંદુ સ્ત્રીઓની શોભારૂપ લજ્જાને કિંમતી વસ્તુ તરીકે સંઘરી રાખજો."[૧૦]

આમ મહારાણી નંદકુંવરબાના પ્રયાસોથી ૨૦ મી સદીના પ્રારંભિક દાયકામાં ભાવનગર રાજ્યમાં સ્ત્રીકેળવણી અને એના ઉત્કર્ષ માટેના **જે પ્રયાસો થયા તેનાથી સ્ત્રીઓના સામાજિક દરજ્જામાં જબરું પરિવર્તન આવ્યું, સ્ત્રીસમાજ આધુનિક અને પ્રગતિશીલ બન્યો.** મહારાણી નંદકુંવરબાના આ માટેના પ્રયાસો, એમની ઉદાર સંખાવતો અને સમાજપરિવર્તન માટેની ધગશ વગેરેથી પ્રભાવિત થઈને બ્રિટિશ સરકારે એમને ઈ. સ **૧૯૧૧ માં 'ક્રાઉન ઑફ ઇન્ડિયા'** અને ઈ. સ. **૧૯૧૭ માં 'કૈસર-એ-હિંદ'**ના માનવતા ઇલ્કાબો આપ્યા હતા.[૧૧] સ્ત્રીશક્તિનું આ એક અદકેરું સંમાન હતું.

(૪) ઈ. સ. ૧૮૯૬ માં મુંબઈમાં મરકી(બ્યુબોનિક પ્લેગ)નો ભયંકર રોગચાળો ફાટી નીકળ્યો તેમાંથી બચવા લોકોની નાસભાગ શરૂ થઈ. મુંબઈમાં વસતા સૌરાષ્ટ્રવાસીઓ પોતાના વતનમાં ઊતરી આવ્યા. મુંબઈથી સ્થળાંતર કરી આવેલા લોકોથી બે-ત્રણ વર્ષ સુધી તો શહેરો અને ગામડાંઓ ભરચક રહેવા લાગ્યાં, જેણે ગામડાંના શાંત અને સ્થિર સમાજજીવનમાં વમળો પેદા કર્યાં; જેમ કે કામચલાઉ વસ્તી-વધારાથી ખાદ્ય-ખોરાકી શાકભાજી તથા પરચૂરણ વેપારીઓ અને ઘી દૂધવાળાઓનો ધંધો ખૂબ જ સારો ચાલ્યો. આ ઉપરાંત મુંબઈગરાઓના સહવાસથી ગામડાંઓમાં ચા તથા બીડીનો પ્રચાર ખૂબ જ વધી ગયો. ઉદ્યોગી મજૂર અને ઉભડિયા વર્ગના લોકોને હોકાની ખટપટને બદલે બીડી વધુ પસંદ પડી ગઈ. અલબત્ત, કાઠી-ગરાસિયાઓ તો જૂની રીત-રસમ મુજબ ચોરે બેસીને અફીણના કસુંબા પી હોકા જ પીતા હતા.

ઑગસ્ટ, ૧૯૦૩ માં પ્લેગનો ઉપદ્રવ ખુદ ભાવનગર રાજ્યને ભરખી ગયો. આ ઉપદ્રવમાં ભાવનગર શહેરની ૩,૨૨૧ સહિત સમગ્ર રાજ્યની કુલ ૪,૪૨૦ વ્યક્તિઓનાં મૃત્યુ થયાં,[૧૨] જેણે સામાજિક ગતિવિધિઓમાં ખળભળાટ મચાવી મૂક્યો.

૨૦ મી સદીના પ્રારંભે પહેરવેશમાં પરિવર્તન આવ્યું. આંટીદાર નવઘરા પાઘડીને બદલે સાફા બંધાવા લાગ્યા અને કમર પર પછેડી બાંધવાની પ્રથા લગભગ બંધ થઈ ગઈ. માત્ર દરબાર ભરાવાના કે એવા કોઈ ખાસ પ્રસંગે જ જરીના બુટ્ટાવાળી પછેડી બાંધવામાં આવતી હતી. રાજા તાલુકદાર અને ગરાસિયા અધિકારીઓનો ચાલુ પોશાક પગે ચપોચપ થતી સફેદ ચોરણી, ઉપર બાલાબંધી કેડિયું અને માથે સાફો, એ પ્રકારનો હતો. આ સમયથી હંમેશાં સાથે તલવાર રાખવાની જે વર્ષો જૂની પ્રથા હતી તે બંધ થઈ, ખુદ મહારાજા પોતે પણ સોટી કે હન્ટર રાખતા. શિકારની સહેલગાહ સમયના પોશાકમાં ટૂંકાં પાટલૂન મોજાં બૂટ હાફકોટ અને માથે યુરોપિયન હેટ વગેરેનો સમાવેશ થતો હતો. મુત્સદ્દી વર્ગમાંથી નાગરશાહી પાઘડીએ લગભગ વિદાય લીધી, હવે રેશમી સાફા બાંધવાનો રિવાજ શરૂ થયો.

(૫) ઈ. સ. ૧૯૦૦ ના 'છપ્પનિયા' દુકાળે લોકજીવન ઉપર ઊંડી અસર કરી. દુકાળ, સતત નબળાં વર્ષો વગેરેથી ગ્રામીણ પ્રજા નિસ્તેજ નિરુત્સાહ અને બીરુ બની. ખેતી અને વેપારધંધા ઠપ થઈ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગયા. વેપારીઓ ઉઘરાણી ખોટી થવાથી અને ધંધા–પાણીના અભાવે અન્ય પ્રદેશમાં જવા લાગ્યા. ખેડૂતો અને ગરાસિયાઓને ધીરનાર એવા આ વર્ગના સ્થળાંતરથી એઓ મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાઈ ગયા. ગામની સીમમાં આવેલાં વડલા લીંબડા બાવળ વગેરે ઝાડો કાપી–વેચી એના પર જીવનનિર્વાહ કરનારા વધ્યા. પેટિયું રળવા ગામડાંના લોકો મજૂરીએ પણ જવા લાગ્યા. **ઊભડ વર્ગ વહાણોમાં** સામે કાંઠે **સુરત ભરૂચ અને છેક મુંબઈ** સુધી જવા લાગ્યો. અમદાવાદ અને મુંબઈની મિલોમાં તેમજ નજીકનાં શહેરોમાં નાનાં–મોટાં કારખાનાંઓમાં આ લોકો કામે જવા લાગ્યા. કંગાળ બનેલા ખેડૂતો નજીકના રેલવે સ્ટેશનવાળાં ગામોમાં ભાડાં કરવા તથા છૂટક મજૂરીકામ કરવા લાગ્યા. ખેતી અને ઢોર–ઉછેરનો ધંધો ભાંગી પડયો. ખેડૂત વર્ગ કરજદારીમાં ડૂબવા લાગ્યો. દુકાળરાહત માટે શરૂ થયેલાં રાહતકામોમાં ખેડૂત સ્ત્રીઓ પણ કામે જવા લાગી. કોઈ કોઈ સ્ત્રી ઉપર અત્યાચાર થયાના બનાવો પણ આ સમયે નોંધાયા છે. ટૂંકમાં, 'છપ્પનિયા' દુકાળે **ગ્રામીણ સમાજના લોકોની રહેણી–કરણી અને નીતિમત્તામાં મોટું પરિવર્તન આણ્યું.** ૧૯ મી સદીના અંત સુધી આ લોકો ઈશ્વરનો ડર રાખી ચોરી વ્યભિચાર અને એવાં અન્ય હલકાં કામો કરવાથી દૂર રહ્યા હતા તેમજ બાપદાદાનું દેવું સાત પેઢીએ પણ ચૂકવી દેવું એવી ઊંચી નીતિમત્તાની જે ભાવના હતી. તેમાં ભારે મોટી પીછેહઠ થઈ. સશક્ત અને માથાભારે લોકો લૂંટનો ધંધો કરવા લાગ્યા. આ પ્રકારના પરિવર્તનથી ગ્રામીણ જીવનની લાક્ષણિક ઉદારવૃત્તિ અને મહેમાનગતી અદૃશ્ય થવા લાગી. સુખી અને સમૃદ્ધ ગ્રામીણ જીવનમાં આવેલાં આ પરિવર્તનોએ અનેક સામાજિક સમસ્યાઓ પેદા કરી

શહેરી જીવનમાં વ્યસનો અને દુર્ગુણોએ ઊંડાં મૂળ નાખ્યાં. બારીક વિલાયતી કાપડ તેમજ ચા પાન સિગારેટ નાટક સિનેમા અને દારૂનો વપરાશ વધ્યો, જેણે નીતિમત્તાના ધોરણમાં પરિવર્તન આણ્યું. શહેરી પ્રજા દંભી સ્વાર્થી અને વ્યસનપરાયણ થઈ ગઈ. કાઠી ગરાસિયા વગેરે લડાયક કોમોનું ક્ષાત્રતેજ હણાઈ ગયું.

મહારાજા ભાવસિંહજી ઈ. સ. ૧૯૦૩ માં પહેલવહેલી મોટર લાવ્યા. આ પછી મોટરોનો વપરાશ વધ્યો. ગ્રામોફોન અને ફોનોગ્રાફ પ્રથમ મોટાં શહેરોમાં અને પછીથી ગામડાંઓમાં દાખલ થયાં. ભવાઈને બદલે નાટકો અને ગોડિયા બજાણિયાને બદલે સરકસો આવવા લાગ્યાં. સિનેમાનો ઈ. સ. ૧૯૦૩–૪ માં પ્રથમ મુંબઈમાં અને પછી ધીમે ધીમે કાઠિયાવાડમાં પ્રવેશ થયો. બાજીગરો અને ચૂંદડિયા મહારાજોની જગ્યા હવે મેજિકના ખેલ કરનારાઓએ લીધી.

(૬) પ્રથમ વિશ્વયુદ્ધ(ઈ. સ. ૧૯૧૪–૧૮)નાં વર્ષો દરમ્યાન રૂ અનાજ ઘી તેલીબીયાં ઊન ચામડાં અને અન્ય કાચા માલ–સામાનના ભાવો આસમાને પહોંચ્યા. તેજીનો સમય શરૂ થયો. મુંબઈ રંગૂન અને આફ્રિકા ગયેલા વેપારીઓ પુષ્કળ ધન કમાઈને પોતાના વતનમાં આવ્યા. અહીં સારાં મકાનો બંધાવ્યાં. આ ઉપરાંત નિશાળો પુસ્તકાલયો દવાખાનાં ધર્મશાળાઓ અને જળાશયો જેવાં અનેકવિધ લોકોપયોગી કાર્યો પાછળ ઉદાર હાથે નાણાં વાપરવા લાગ્યાં. લગ્નાદિ પ્રસંગોએ મોટી જમણવારો થવા લાગી. મહારાજા ભાવસિંહજીએ **એક વાર તો** ઘીનો ભાવ ૪૦ તોલાના એક શેર એવા ૪૦ **શેરના મણનો રૂ. ૭૦=૦૦ બોલાતાં** ગરીબ વસ્તીને ઘી મળતું બંધ થતાં આ પ્રકારની જમણવારો પર પ્રતિબંધ ફરમાવ્યો હતો.

સોની સુથાર લુહાર કડિયા દરજી મોચી કંસારા વાળંદ કુંભાર વગેરે કારીગર અને વસવાયા વર્ગ પણ આ તેજીના ગાળામાં કસદાર થઈ ગયો. આ કોમોએ પોતાની જ્ઞાતિનાં બંધારણો અને પોતાની મજૂરીના આકરા દર નીચે ન જવા દેવા સંગઠનો રચ્યાં હતાં. તેજીનો આ સમય માત્ર આશ્રિત વર્ગને જ લાભદાયક ન નીવડયો.



For Private and Personal Use Only

ઈ. સ. ૧૯૧૮માં પ્રથમ વિશ્વયુદ્ધ બંધ થતાં ભાવોમાં મંદી આવવા લાગી. તેજીનાં વર્ષોમાં લોકોએ જે મોજશોખ અને વ્યસનો વધાર્યાં હતાં તે બાજુએ અને પહેલાંનું જે સાદું તેમજ કરકસરવાળું જીવન-ધોરણ હતું તે ગુમાવ્યું. આમ છતાં મહારાજા ભાવસિંહજીએ રાજ્યની આમદાનીના ભોગે દારૂનો ઈજારો આપવો બંધ કર્યો અને દારૂની આયાત તથા વપરાશ સદંતર બંધ કર્યા.[13] આ ઉપરાંત પ્રજામત જાણવાના એક ઉપાય તરીકે 'પ્રજાપ્રતિનિધિ' સભા ઊભી કરવામાં આવી.[14] આ પાછળ રાજ્ય-વહીવટમાં 'લોક-અવાજ' દાખલ કરવાનો શુભ આશય હતો. આ પ્રકારનાં લોક-ઉપયોગી પગલાંઓથી મહારાજા ભાવસિંહજીનો ઉત્તર શાસનકાલ પ્રશંસાપાત્ર બની રહ્યો.

ઠે. ઇતિહાસવિભાગ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર-૩૬૪૦૦૨

## પાદટીપ

1. Gazatteer of the Bombay Presidency, Vol. VIII, (Bombay – 1884), pp. 305 – 307
૨. પંડયા, કાળિદાસ દેવશંકર; ગુજરાત રાજસ્થાન અથવા ગુજરાતનાં દેશી રાજ્યો, (અમદાવાદ-૧૮૮૪), પૃ. ૩૪૪.
૩. મહેતા, ગોરધનદાસ નાગરદાસ, સૌરાષ્ટ્ર ઇતિહાસદર્શન, (પાલિતાણા – ૧૯૩૭), પૃ. ૯૪
૪. ઠક્કર, કપિલરાય : 'પાછળી નજર', ભાવનગર સમાચાર, ૧૫ ડિસેમ્બર, ૧૯૪૧, પૃ. ૭
૫. એજન, ૧૧ ઑગસ્ટ, પૃ. ૩
6. Report on the Administration of the Bhavnagar State, for the year, 1917 – 18, p. 4
7. Report on the Administration of the Bhavnagar State, for the year, 1917 – 18, p. 10 – 11
૮. કળસારકર, નારાયણજી ગો. : 'સ્વ. મહારાણી નંદકુવરબા', ભાવનગર સમાચાર, ૧૫ એપ્રિલ, ૧૯૪૧, પૃ. ૪
૯. કવિ, ડાહ્યાલાલ શિવરામ : સંગીત બાળપોથી, (ભાવનગર – ૧૯૧૫), 'અર્પણપત્રિકા' માંથી.
૧૦ ગોહિલવાડ રાજપૂત સમાજ : કટાયેલી રાજપૂતી, (ભાવનગર – ૧૯૫૧), પૃ. ૧૫૧
૧૧. નંદકુંવરબા, ભાવનગર સમાચાર, ૧૫ એપ્રિલ, ૧૯૪૧, પૃ ૫
૧૨. Report on the Administration of the Bhavnagar State for the year, 1903–04
૧૩. મહેતા, ગોરધનદાસ નાગરદાસ, પુર્વોક્ત ગ્રંથ, પૃ. ૧૦૩
૧૪. Report on the Administration of the Bhavnagar State, for the year, 1918–1919, p. 4

□



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કચ્છનું પ્રાચીન કોટચર્ક-મંદિર

શ્રી. ઠાકરસી પુ. કંસારા

પાંચેક વર્ષ પૂર્વે હું "કચ્છ : ઇતિહાસ અને સંસ્કૃતિ" નામે કચ્છ દેશ વિશે ઇતિહાસ તથા પુરાતત્ત્વ-ક્ષેત્રે સંક્ષેપમાં માહિતી આપતી મારી પુસ્તિકા (પ્રકાશક પથિક કાર્યાલય–અમદાવાદ, સન ૧૯૯૦) લખી રહ્યો હતો ત્યારે વિખ્યાત ભારતીય સંશોધક તથા કલા–વિવેચક શ્રી કેલુમ્બર શિવરામ મૂર્તિનો ભારતના. કલાત્મક કોતરણીથી શોભતા ભવ્ય સ્થાપત્યના ફોટા તથા માહિતીસભર દળદાર ગ્રંથ "Art of India" જોવાની તક મળી. આ ગ્રંથમાં ભારત વર્ષમાંના જુદા જુદા પ્રદેશોનાં પ્રાચીન–અર્વાચીન વિખ્યાત સ્થાપત્યોનાં વર્ણન સાથે વલભીના મૈત્રકોના શાસન દરમ્યાન (સન ૪૭૫–૭૮૮ અરસો) ગુજરાતમાં શામળાજી કોટયર્ક કારવણ તથા રોડાનાં મંદિરો અને ખાંભાની ગુફા વગેરેનું સર્જન થયેલ હોવા તથા સોલંકીઓના શાસન (સન ૯૪૬–૧૧૯૭ અરસો) દરમ્યાન ગુજરાતમાં સોમનાથ સિદ્ધપુર મોઢેરા આબુ વડનગર તથા ડભોઈનાં રોનકદાર કોતરણીયુક્ત સ્થાપત્યો તથા શિલ્પો વગેરેનું સર્જન થયેલ હોવાનું જણાયેલ છે,

મૈત્રકોના શાસન–અમલમાં બંધાયેલ ગણાતા 'કોટયર્ક'ના મંદિર વિશે આ ગ્રંથમાં સ્પષ્ટ વિગતવાર માહિતી આપેલ નથી. આ મંદિર કચ્છમાં હબાય ડુંગરની ગોદમાં અને નજીકનાં કોટાય ગામ તથા અણગોરગઢ નામના પુરાતન કિલ્લાની અંદર આવેલ 'કોટાયનું' પ્રાચીન સૂર્યમંદિર' તરીકે ઓળખાવાતું (હાલ નષ્ટ) સ્થાનક હોવાની કેટલાક વિદ્વાનોની માન્યતા છે. 'કોટયર્ક''નો અર્થ "કોટિ સૂર્ય" એવો થાય છે. ભારતવર્ષમાં ઓરિસ્સા રાજ્યમાં(પૂર્વ પ્રદેશ)માં આવું બીજુ સૂર્યમંદિર 'કોણાર્ક''નું આવેલ છે, જે વિશ્વવિખ્યાત છે. વિશેષમાં કાશ્મીરમાં સન ૭૫૦ અરસામાં બંધાયેલ કહેવાનું 'માર્તંડ'નું સૂર્યમંદિર (હાલ નષ્ટ, પણ અવશેષો ધરાવતું) ગિઝનીના મહમદે તોડેલ હોવાનું મનાય છે.

કચ્છમાં 'કોટડા' તથા 'કોટડી' નામનાં ગામો છે, પણ એ નામો કોટ–કિલ્લો સૂચવે છે, 'કોટાય' (કે કોટાઈ) શબ્દ 'કોટયર્ક''ની વધુ નજીકનો છે. કચ્છમાં 'કોટાયનું સૂર્યમંદિર' કહેવાય છે, એવું સૌરાષ્ટ્રમાં જામનગર જિલ્લામાં વરતુ નદીના ઉત્તર કાંઠે નાની ગોપનું (૫ મી સદીનું ભગ્નાવશિષ્ટ) સૂર્યમંદિર અને જૂનાગઢ જિલ્લામાં પ્રભાસ પાટણના ત્રિવેણીના ઉત્તરકાંઠે ભગ્નાવશિષ્ટ (ઉત્તર સોલંકીકાલનું) સૂર્યમંદિર જોવા મળે છે. તળ ગુજરાતમાં મહુડીનું સૂર્યમંદિર બહુ જાણીતું અને પુરાતન હોવાનું જણાતું નથી. હા, એક સૂર્યમંદિર પૂર્વમાં થોડે દૂર સાબરમતીના પશ્ચિમ કાંઠે એક ભગ્નાવશિષ્ટ છે, જે સોલંકીકાલનું જણાય છે, જ્યારે "કચ્છમાં આવેલ કોટાયનાં પુરાનન સૂર્યમંદિર વિશે" લગભગ એકસોથી વધારે વર્ષો પૂર્વે વિદ્વાન અંગ્રેજ ઇતિહાસકાર તથા સંશોધક શ્રી જેમ્સ બરગેસે કચ્છમાં હબાય ડુંગરની ગોદમાં આવેલ કોટાયનું ભગ્ન મંદિર એ પ્રાચીન સૂર્યમંદિર હોવાનું પોતાના કચ્છ તથા કાઠિયાવાડના ઇતિહાસના સુપ્રસિદ્ધ ગ્રંથમાં દર્શાવેલ છે. ગુજરાતના વિદ્વાન ઇતિહાસલેખકો પ્રો. (ડૉ.) કે. કા. શાસ્ત્રી તથા શ્રી રામસિંહજી રાઠોડે પોતાના ગ્રંથોમાં તથા વિદ્વાન લેખક શ્રી કંચનપ્રસાદ છાયાએ એક લેખમાં હબાયની ગોદમાં આવેલ પુરાતન મંદિર (હાલ મૂર્તિ વિનાનું) હોવાનું જણાવેલ છે. અત્યારે એ મંદિર અસ્તિત્વ ધરાવતું દેખાતું કહેવાતું શિવમંદિર છે તે જ હતું કે પ્રાચીન સૂર્યમંદિર ભૂકંપથી કે જર્જરિત થતાં તૂટી ગયેલ તેના રડયા–ખડયા અવશેષો જ માત્ર ત્યાં છે એ સ્પષ્ટ નથી. શ્રી બરગેસ આ સ્થળે ચાર મંદિરો હોવાનું જણાવે છે તેથી એ ચાર પૈકીનું અત્યારનું કહેવાતું શિવમંદિર તરીકે ઓળખાવાતું

[ અનુસંધાન પાન ૪ ઉપર ]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ટાઇટલ પાના ૩ જાનું ચાલુ]

પુષ્પાબહેન મહેતાનું પ્રદાન,' (૨૨) ધ્રુવ મહેતા — 'અલંગનો શિપબ્રેકિંગ ઉદ્યોગ,' (૨૩) વિશાલ જોશી —'સોમનાથ પરનાં આક્રમણો,' (૨૪) નવનીત વાજા — 'શ્રીકૃષ્ણનું દ્વારકા,' (૨૫) કુ. ફાલ્ગુની ગાંગાણી — 'ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે રાજકોટની ધર્મેંદ્રસિંહજી કૉલેજનું પ્રદાન,' (૨૬) કુ. જસ્મિના શાહ — 'જામનગરની આણંદાબાવા સેવાસંસ્થા,' (૨૭) પરેશ મહેતા — 'વઢવાણના રાજવી દાજીરાજ અને દાજીરાજજી હાઇસ્કૂલ,' (૨૮) કુ. શબિના કાદરી — 'જૂનાગઢનો મહાબતમકબરો-ઇસ્લામિક સ્થાપત્યનો અજોડ નમૂનો,' (૨૯) કુ. દક્ષા મોરીધરા — 'રાજકોટનું અંધજન કલ્યાણ મંડળ', (૩૦) પ્રવીણચંદ્ર સરવૈયા — ખાંટ જ્ઞાતિ - એક ઐતિહાસિક સર્વેક્ષણ,' અને (૩૧) મધુભાઈ ભટ્ટ — '૧૮૫૭ નો સ્વાતંત્ર્યસંગ્રામ અને મેઘા માણેક'.

આ નિબંધોની ચર્ચામાં સર્વ શ્રી શંભુપ્રસાદ દેસાઈ, ડૉ. આર. એન. મહેતા, ડૉ. મકરન્દ મહેતા, ડૉ. શિરિન મહેતા, ડૉ. મુગટલાલ બાવીસી, ડૉ. વિષ્ણુભાઈ ત્રિવેદી, ડૉ. ઈશ્વરલાલ ઓઝા, ડૉ. એ. એમ. કિકાણી, પ્રો. તખ્તસિંહ પરમાર, પ્રો. કે. એસ. શાહ, મહંમદ હનીફ જાડેજા, પ્રફુલ્લભાઈ કોઠારી, ગોવુભા ઝાલા, યશવંત ઉપાધ્યાય વગેરે એ ભાગ લીધો હતો. તા. ૬ ઠ્ઠી એ રાત્રે પ્રથમ કારોબારીની સભા અને એ પછી સામાન્ય સભા મળી હતી, જેમાં વાર્ષિક અહેવાલ અને હિસાબ મંજૂર કરવામાં આવ્યા. કચ્છની અલગ ઇતિહાસ પરિષદ થઈ હોવાથી આ પરિષદના નામમાંથી 'કચ્છ' શબ્દ કાઢી નાખવો કે નહિ એની ચર્ચા થઈ હતી, પરંતુ કોઈ નિર્ણય લેવાયો ન હતો.

તા. ૭મી એ બપોરે ૧૨-૦૦ વાગ્યે સમાપન-બેઠક યોજાઈ, જેમાં શ્રી શંભુપ્રસાદ દેસાઈએ દૂરથી આવેલા પ્રતિનિધિઓને અભિનંદન આપ્યાં વિવિધ પ્રદેશોના પ્રતિનિધિઓ તરીકે ડૉ. મુગટલાલ બાવીસી (સુરત), ડૉ. મકરન્દ મહેતા (અમદાવાદ), ડૉ. ઈશ્વરલાલ ઓઝા (વિસનગર), પ્રો. કલ્પનાબહેન માણેક (રાજકોટ), પ્રો. જે. ડી. કણઝારિયા (સુરેંદ્રનગર), પ્રો. સત્યવ્રત જોશી (વાંકાનેર) અને શ્રી દુષ્યંત શુક્લે (ભાવનગર) સુંદર સગવડ-સરભરા માટે સ્થાનિક વ્યવસ્થાપકો તથા સ્વયંસેવકોનો આભાર માન્યો.

બપોરના ભોજન પછી પ્રતિનિધિઓને જૂનાગઢનાં ઐતિહાસિક સ્થળો દર્શાવવામાં આવ્યાં, જેમાં સમ્રાટ અશોકનો શિલાલેખ, દરબારહોલ મ્યુઝિયમ, ઉપરકોટમાં અડીચડી વાવ-નવઘણ કૂવો-રાણકદેવીનો મહેલ-બૌદ્ધ ગુફાઓ-પ્રાચીન સમયના કોઠારો-કડાનાળ તોપ અને સક્કરબાગ મ્યુઝિયમનો સમાવેશ થતો હતો. સક્કરબાગ મ્યુઝિયમમાં ક્યુરેટર શ્રી રાજરત્ન ગોસ્વામીએ પ્રતિનિધિઓ માટે અલ્પાહારની વ્યવસ્થા ગોઠવી હતી. આમ સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદનું નવમું જ્ઞાનસત્ર સફળ અને યાદગાર બન્યું. એમાં કુલ ૯૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો, જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા નોંધપાત્ર હતી.

૪/૪, શ્રીસાંઇ એપાર્ટમેન્ટ, હવાડિયા ચકલા પાછળ, સુરત-૩૯૫૦૦૩

મુદ્રક પ્રકાશક અને તંત્રી : 'પથિક કાર્યાલય' માટે પ્રો., (ડૉ.) કેશવરામ કા. શાસ્ત્રી, ઠે. મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ તા. ૧૫-૧૨-૧૯૯૩

મુદ્રણસ્થાન : પ્રેરણા મુદ્રણાલય, રુસ્તમઅલીનો ઢાળ, મિરજાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પૂઠું : ઈન્ટરનેશનલ પ્રિન્ટિંગ વર્ક્સ, શાહપુર, માળીવાડાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧

For Private and Personal Use Only